# અર્ધવાર્ષિક અહેવાલ

## 2020-21

॥ तेजस्विनो अवधीतम् अस्तु ॥

### આયોજન અને વ્યવસ્થાપન શાખા

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

ત્રિકોણબાગ પાસે, જવાહર રોડ, રાજકોટ – 360001. ફોન નં. 0281-2242140

Email: dietrajkot1@gmail.com, Website: www.dietrajkot.org

**પ્રસ્તાવના**

પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારણા અર્થે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વર્ષ: 2020-21 નાં સપ્ટેમ્બર અંતિત જુદી જુદી કામગીરી કરવામાં આવી. તેમાં આંકડાકીય માહિતીને અદ્યતન કરવામાં આવી. COVID-19 મહામારી અન્વયે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ અનઅધ્યયન હોય, તેમજ તાલીમ કાર્યક્રમો ફીઝીકલ કરવામાં સરકારશ્રીની ગાઇડલાઇન અન્વયે ફક્ત ઓનલાઇન કરવાના થતા હોય, શિક્ષકોને માટે ઓનલાઇન તાલીમ કાર્યક્રમો કરવામાં આવેલ. જેમાં ખાસ કરીને DIKSHA પોર્ટલ પર જીસીઇઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ ઓનલાઇન કોર્સમાં શિક્ષકો જોડાઇ તે બાબતે ઓરીએન્ટેશન કરવામાં આવેલ. આ ઉપરાંત કેળવણીનો ઇતિહાસ, વિદ્યાર્થી સ્વાગત કાર્યક્રમ, ડી.એલ.એડ્નાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન અધ્યાપન કાર્ય, ICT મોડ્યુલ ભાવાનુવાદ, ગુજરાત ગૌરવ દિવસની સ્પર્ધા, શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન રિવ્યુ & ફિડબેક કાર્યશાળા, School Inspector દ્વારા નિષ્ઠા તાલીમનું પ્રત્યક્ષ મોનીટરીંગ, પ્રતિભાશાળી શિક્ષક પુનઃચકાસણી વગેરે કરવામાં આવેલ. અર્ધવાર્ષિક સમયગાળા દરમ્યાન લેબ એરિયા, મહેકમ, સ્ટાફ લીસ્ટ, સંલગ્ન સંસ્થાઓ, સેવાકાલીન તાલીમ, ઇડીએન તાલીમ, ઇડીએન - 16L તાલીમ, RTGS/SSA તાલીમ અને અન્ય તાલીમ કાર્યક્રમો વગેરે કામગીરીનો સમાવેશ આ અહેવાલમાં કરવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જે કામગીરી કરવામાં આવી તે કામગીરી આયોજનને આધારે ગ્રાસ રૂટ લેવલ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જીસીઇઆરટીનાં ઇડીએન આયોજન પ્રમાણે જે કામગીરી કરવાની થતી હતી તે પણ બજેટ અને નાણાંકીય લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખીને પૂર્ણ કરવામાં આવ્યા છે. આ અર્ધવાર્ષિક અહેવાલ વર્ષ: 2020-21નાં સપ્ટેમ્બર અંતિત ભવન દ્વારા જે કામગીરી કરવામાં આવી તેનો ચિતાર બતાવે છે. જે રાજકોટ જિલ્લામાં કામ કરતી શૈક્ષણિક સંસ્થાઓને ઉપયોગી થશે તેમજ સંશોધનકાર, પોલીસીમેકર્સ, આયોજનકાર અને આ ફિલ્ડમાં કામ કરતી દરેક વ્યકિતને ઉપયોગી નિવડશે.

**પ્રાચાર્ય**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

**રાજકોટ**

**ડિસેમ્બર : 2020**

**અનુક્રમણિકા**


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 1 | ડીસ્ટ્રીકટ પ્રોફાઇલ | 1 |
| 2 | આંકડાકીય માહિતી | 7 |
| 3 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય | 17 |
| 4 | મહેકમ | 31 |
| 5 | સ્ટાફ લિસ્ટ | 32 |
| 6 | લેબ એરિયાની માહિતી | 34 |
| 7 | સંલગ્ન સંસ્થાઓ | 35 |
| 8 | જિલ્લા કક્ષાએ મોક ટેસ્ટ અને NAS સર્વેમાં ધોરણ અને વિષયવાર એકંદર સરાસરી | 37 |
| 9 | કાર્યક્રમ સલાહકાર સમિતિ | 39 |
| 10 | કાર્યક્રમ/તાલીમ/પ્રવૃત્તિ | 42 |
| 11 | કાર્યક્રમ/તાલીમ/પ્રવૃત્તિનાં ફોટો ગ્રાફકસ | 55 |

**1.0 ડીસ્ટ્રીકટ પ્રોફાઇલ**

રાજકોટ નગર આજી નદીના કાંઠે 1610ની સાલમાં વસ્યું હતું. એ સમયના ઠાકોર વિભાજીએ રાજકોટ શહેરની સ્થાપના કરી. 282 ચોરસ માઇલ અને 64 ગામો ધરાવતું રાજય હતું. આધુનિક સમયમાં સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના શહેર તરીકે વિકસતા રાજકોટની શરૂઆત છીબડા ગામના આઠ રુમના મેન્શનમાં થઇ હતી. છીબડા ગામ રાજકોટના સ્થાપક કુમાર વિભાજીને ઇ.સ. 1685માં દહેજમાં આપવામાં આવ્યું હતું. કાઠી ચૈફતન જામસતાજીના બીજા દીકરા, જે હતાશ છતાં મહત્વાકાંક્ષી હતા, તેઓએ પિતાનું ઘર છોડી દીધું અને તેના નાનાને ઘેર સરધાર સ્થળાંતર કર્યું, જે હાલ રાજકોટનું એક નાનું ગામ છે, અને તેજસ્વી રાજકીય પ્રયુકિત અને વફાદારીના કારણે આજીનદીના કિનારે રાજકોટની સ્થાપના થઇ. 1720ની સાલમાં સોરઠ પ્રાંતના નાયબ ફોજદાર માસૂમખાને ઠાકોર મેરામણજી બીજાને લડાઇમાં હરાવ્યા અને રાજકોટ સર કર્યું, અને રાજકોટ નામ બદલીને માસૂમાબાદ રાખવામાં આવ્યું. ફરી પાછું 1732માં ઠાકોર મેરામણજીના પાટવી કુંવર રણમલજીને પિતાનું વેર લેવા માસુમખાનને રાજકોટમાં ઠાર કર્યો અને રાજકોટ જીતી લીધું. આ વિજયની સાથે આ નગરનું નામ ફરીથી રાજકોટ રખાયું.

મોગલ સામ્રાજયની ભાગલા પાડવાની નીતિની અસરમાં આવી ગયેલા, રાજકોટની ગાદી માટેના વારસદારો વચ્ચે પ્રવર્તતી સો વર્ષની ઇર્ષ્યા અને સંઘર્ષોનો ઇ.સ. 1808માં કોલોનલ વોકરની સમજૂતીથી અંત આવ્યો. તેના પરિણામે રાજકોટ જિલ્લાની હાલની સ્થિતિ અસ્તિત્વમાં આવી છે. ઇ.સ.1822ના અરસા સુધીમાં બ્રિટીશરોએ આ દ્વીપકલ્પમાં સર્વોત્તમ સત્તા હાંસલ કરી, જેને કારણે ઇ.સ.1822માં રાજકોટમાં બ્રિટીશરોએ પોતાની એજન્સીની સ્થાપના કરી હતી. રાજકોટને કાઠીયાવાડ દ્વીપકલ્પના મુખ્ય મથકનો તાજ પહેરાવવામાં આવ્યો, જેને કારણે રાજકોટનો વિકાસ એક એવી વસાહત તરીકે થયો, જેમાં રાજકોટમાં બ્રિટીશરો પોતાના દેશમાં ભોગવતા હતા તેવા બધા લાભ ઉપલબ્ધ હોય, તેનો લાભ રાજકોટને મળ્યો, જેમકે રાજકુમાર કોલેજ અને આલ્ફ્રેડ હાઇસ્કૂલની સ્થાપના કે જેમાં મહાત્મા ગાંધી ભણ્યા, તેને ગણાવી શકાય.

રાજકોટ પ્રથમ એવું શહેર બન્યું કે જેમાં યુરોપિયન પદ્ધતિની સારવારની સુવિધાઓ ઇ.સ. 1936માં રાજકોટ સિવિલ હોસ્પિટલની સ્થાપનાથી ઉપલબ્ધ બની.

1889માં રાજકોટ વાંકાનેર સાથે રેલ્વેથી જોડાયું. 1893માં રાજકોટને જેતલસર સાથે રેલ્વે લાઇનથી સાંકળી લેવામાં આવ્યું. એ સમયની મીટરગેજ રેલ્વે લાઇન હાલના શહેરના ધોરીનસ જેવા ઢેબરરોડ ઉપરથી પસાર થતી હતી. 1937માં દીવાન વીરાવાળાના જુલમીતંત્ર સામે બેચરવાલા વાઢેરે તહોમતનામું પોકાર્યું અને 1938માં રાજકોટ સત્યાગ્રહ શરુ થયો, જેનું સરદાર વલ્લભભાઇ પટેલે આવીને સમાધાન કરાવ્યું, પાછળથી તેનો ભંગ થયો, એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રીયશાળામાં ઉપવાસ શરુ કર્યા. 1942ની હિન્દ છોડો ચળવળ સમયે રાજકોટ ભૂગર્ભ લડત પ્રવૃત્તિઓનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું.

સ્વતંત્ર સંગ્રામની ગતિની સાથે રાજકોટ શહેરે પણ પોતાનું યોગદાન આપ્યું હતું. ઇ.સ. 1922માં રાજકોટના રાજયકર્તા ઠાકોરસાહેબ લાખાજીરાજ દ્વારા પ્રતિનિધિસભાની સ્થાપના અને તેના દ્વારા ઉઠાવેલ સંલગ્ન મુદ્દાઓએ રાજકોટને મહાત્મા ગાંધીની અહિંસાના પ્રયોગ માટેની ‘‘પ્રયોગ શાળા"તરીકે ઉપલબ્ધ બનાવ્યું હતું. આઝાદી બાદ 1984માં એપ્રિલની 15મી તારીખે દેશી રજવાડાઓનું અસ્તિત્ત્વ ભૂંસાયું અને તેના વિલીનીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજય અમલમાં આવ્યું. આમ, રાજકોટ શહેર પાટનગર બન્યું. સાથોસાથ તારીખ 1લી ઓકટોબર 1949ના રોજ રાજકોટ શહેરની પ્રજાએ ચૂંટેલી સુધરાઇ અસ્તિત્ત્વમાં આવી. આઝાદી પહેલાં રાજકોટ શહેર તેની ભૌગોલિક રચના અને તેના રાજકીય મહત્ત્વને કારણે એક રાજકીય અને વહીવટી મુખ્ય મથક તરીકે આગવી પ્રતિષ્ઠા ધરાવતું હતું. રાજકોટ શહેરના આર્થિક વિકાસ માટે સર લાખાજીરાજ એક રાષ્ટ્રભિમાની, ગાંધીજીના મિત્ર અને કાર્યશીલ રાજવંશી હતાં.

રાજકોટ શહેર 60.15 કિલોમીટર વિસ્તારમાં પથરાયેલ છે. દ્વીપકલ્પ સૌરાષ્ટ્રના કેન્દ્રમાં આવેલાં આ જિલ્લાની ઉત્તર બાજુએ કચ્છનો અખાત, પૂર્વ દિશામાં સુરેન્દ્રનગર જિલ્લો અને ભાવનગર જિલ્લો તેમજ દક્ષિણે જૂનાગઢ અને અમરેલી જિલ્લાઓ, પશ્ચિમે જામનગર જિલ્લો

આવેલા છે. ભૌગોલિક ભૂસ્તર મુજબ જોઇએ તો પૂર્વ દિશામાં ટેકરીઓવાળો પ્રદેશ, જયારે દક્ષિણે છૂટીછવાઇ ટેકરીઓ સિવાય મોટાભાગનો વિસ્તાર સપાટ જમીન ધરાવે છે.

જિલ્લાના જસદણ, વાંકાનેર અને રાજકોટને આવરી લેતો પાંચાળ વિસ્તાર તરીકે ઓળખાય છે, જે છેક અમરેલી જિલ્લાના બાબરા તાલુકા સુધી આવેલો છે. જસદણના થોડા ઉત્તર વિભાગથી શરુ થઇને આવરી લઇ લોધિકાની આજુબાજુ સુધી પથરાયેલ સાંકડી નહેર બનાવે છે અને તે જિલ્લાની જડ સહ્રાયરેખા પૂરી પાડે છે. આ ધારની પાસેથી તેમજ ઉત્તરની બધી નદીઓ કચ્છના અખાતમાં વહે છે. રાજકોટ જિલ્લાના પ^મિ વિભાગમાં મહ્ત્વની ફળદ્રુપ જમીન આવેલી છે. જેમાં મોટાપાયે ખેત ઉત્પાદન લેવાઇ રહ્યું છે. ઉત્તરના ભાગમાં ટેકરાળ અને મેદાની મિશ્ર જમીનો વાંકાનેરથી મોરબી સુધીનો સમગ્ર વિસ્તાર ઇંટ, માટી, ચાઇના કલે, રંગવાળી, ફાયર કલે અને ચૂનાના પથ્થરની ખાણોથી પથરાયેલો છે. આ વિભાગનો ઉત્તરનો સીમાડો બે ભાગમાં વહેંચાયેલો છે. એક ભાગમાં સમુદ્રનો કાંઠો અને બીજા ભાગમાં રણનો પ્રદેશ આવેલો છે.

રાજકોટની મોટાભાગની નદીઓનો પ્રવાહ ઉતાવળો અને ટૂંકો છે. ભાદર, મચ્છુ અને આજી આ ત્રણ મુખ્ય નદીઓ જિલ્લામાં વહેતી નદીઓ છે. જસદણ પાસેથી શરૂ થતી 128 કિલોમીટર લંબાઇવાળી ભાદર નદી જિલ્લાની મોટામાં મોટી નદી છે. નાની નદીઓ જેવી કરમાળ, વાસાવડી, ગોંડલી, ઉતાવળી, ફોફળ અને  મોજ તેની શાખાઓ રુપે વહે છે. સરધારની ધારમાંથી ઉદ્‌ભવ પામી 95 કિલોમીટર લંબાઇ ધરાવતી આજી નદી રાજકોટ શહેરને આવરી લઇને કચ્છના અખાતને મળે છે. આ નદીની શાખાઓ રુપે લાલપરી, ફૂલઝર, ન્યારી અને ડોડીના પ્રવાહ્ને મળે છે. જયારે નાનું સ્વરુપ ધરાવતી ડેમી નદી સણોસરાની ધારમાંથી ઉદ્‌ભવ પામી કચ્છના અખાતને મળે છે. જિલ્લાના જસદણ તાલુકાના આણંદપુર ગામ પાસેથી ઉદ્‌ભવ પામી મચ્છુ નદીનો પ્રવાહ વાંકાનેર, મોરબી, માળીયા થઇ કચ્છના અખાતને મળે છે. આ નદીની લંબાઇ 112 કિલોમીટરની છે.

દિલના દિલેર, ખડતલ અને મહેનતુ કાઠિયાવાડીઓનું શહેર એટલે રાજકોટ. આખા સૌરાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ઓછું, ઠંડી અને ગરમી વિશેષ, સાગરકાંઠો પણ વિશાળ તેથી રાજકોટના લોકોનો પહેરવેશ પણ દરેક ઋતુ પ્રમાણે બદલાય છે. રાજકોટ શહેરીજનો ઉત્સવ પ્રિય છે. દર વર્ષે જન્માષ્ટમીના તહેવાર પર યોજાતો લોકમેળો આખા ગુજરાતમાં જાણીતો છે. રાજકોટનો આઇસ્ક્રીમ એકવાર ખાવ એટલે દાઢમાં રહી જાય. રાજકોટ શહેરની બજાર સવારે આઠેક વાગ્યે ખૂલે છે અને બપોરે એકાદ વાગ્યે બંધ થયા પછી સાંજે ચાર વાગ્યે ખૂલે છે, અને રાત્રે સાડા આઠે ધંધો સંકેલી લે છે.

સંસ્કૃતિ પર નજર કરીએ તો ગામડાઓમાં વીરતાની વાતોની યાદ તાજી કરાવતા ગામડે ગામડે ઊભેલા પાળિયા સંસ્કૃતિના મહત્ત્વના આધારસ્થંભો સમા છે. પાળિયા દ્વારા લોક સંસ્કૃતિનો ઇતિહાસ જ નહીં, પણ વીરતા અને ખુમારીનો પણ ખ્યાલ મળે છે. અહીંની લોકકલા અદભૂત છે. ભરતકામમાં પ્રાદેશિક કલા વૈવિધ્ય છે. ભાતીગળ પદ્ધતિ છે. અબોટી ભરત, કાઠી ભરત વગેરે જાણીતા છે. રાજકોટ જિલ્લાના જસદણ અને જેતપુરના કાઠીઓમાં મોતી ભરત કલાનો સારો વિકાસ થયો છે. આંખને ઠારે એવા ભાતીગળ મોતીકામના નમૂના કાઠી કોમના ખોરડે જોવા મળે છે. રાજકોટમાં પેંડાની વાત હોય કે ચેવડાની, વેફર કે ખારીસીંગ વાત લઇએ કે પછી ચીકીની વાત કરીએ કે પછી પાપડની સામાન્ય ગણાતા ધંધામાં પડેલા ધંધાર્થીઓનું ટર્નઓવર અચંબો પમાડે તેવું છે.

રળીયામણા રાજકોટ શહેરમાં અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થતી રહે છે અને લોકકલા સંસ્કૃતિ પ્રવૃત્તિને વેગ મળે અને શહેરીજનોને તેનો લાભ મળતો રહે તે માટે શહેરમાં સુંદર હેમુ ગઢવી નાટય ગૃહ-ઓડીટોરીયમ તૈયાર થયું છે. તેમાં અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થઇ રહી છે. રાજકોટના કલાકાર સપુતોએ મુંબઇના બોલીવુડમાંય નામના હાંસલ કરી છે એવા કલાકારોની વાત કરીએ તો એ છે, મનહર ઉધાસ, નિર્મળ ઉધાસ અને પંકજ ઉધાસ આ ત્રણેય ભાઇઓ રાજકોટમાં શિક્ષણ લઇને મુંબઇ જઇ વસ્યા અને ફિલ્મી દુનિયામાં સંગીત ક્ષેત્રે, ગઝલ ક્ષેત્રે છવાઇ ગયાં તેમજ વિજય દાવડા અને પંકજ ભટ્ટ, લોક સાહિત્ય ક્ષેત્રે મીઠાભાઇ પરસાણા,

જીતુભાઇ ગઢવી, બિહારી ગઢવી, હેમંત ચૌહાણ જેવા કલાકારોએ સૌરાષ્ટ્રના લોક સાહિત્યને ધબકતું રાખ્યું છે.

નાટયક્ષેત્રે રાજકોટનું પ્રદાન સારું એવું છે. રાજકોટના કલા દિગ્દર્શકો અને કલાકારો શ્રી રમેશભાઇ મહેતા, શ્રી મનસુખભાઇ જોષી, સ્વ. હેમુભાઇ ગઢવી, શ્રી હિરાલાલ ત્રિવેદી, શ્રી ભરતભાઇ યાજ્ઞિક, કવિશ્રી મણીલાલ પાગલ, શ્રી ગુલાબભાઇ શાહ, સ્વ. શ્રી અમૃત ઘાયલ, શ્રી રૂષવા મઝલૂમી વગેરે કલાકૃતિને સારો વેગ આપ્યો છે. તો સ્વ. શ્રી નિર્ભયભાઇ ભટ્ટ, સ્વ. અરવિંદ ધોળકીયા, સ્વ. જયમલભાઇ પરમાર જેવા મહાનુભાવોનું કલા શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. ગુજરાતી સાહિત્યના જયોર્તિધર સમા શ્રી ગૌરીશંકર જોષી(ધૂમકેતુ) પણ રાજકોટ જિલ્લાના વીરપુરના વતની હતાં.

60.15 ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું આ શહેર આજે વિકાસના પંથે કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. રાજયની સૌથી પહેલી ઔદ્યોગિક વસાહત ઉદ્યોગનગરની રાજકોટમાં સ્થાપના થઇ. રાજકોટના ઓઇલ એન્જિનો દેશની સીમા પાર કરીને વિદેશમાં પ્રખ્યાત બન્યો છે. લઘુ ઉદ્યોગક્ષેત્રે રાષ્ટ્રીય નકશામાં રાજકોટે સ્થાન પ્રાપ્ત કર્યું છે. દેશમાં માત્ર ચાર સ્થળોએ પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ ટ્રેનીંગ સેન્ટર કામ કરે છે. આમાનું એક રાજકોટમાં સ્થાપાયેલ છે. દેશમાં ઓઇલ એન્જિનના ઉદ્યોગના લગભગ 60 ટકા જેટલું ઉત્પાદન રાજકોટમાં થાય છે.

સોના ચાંદીનાં આભૂષણોએ પણ દેશભરમાં રાજકોટ શહેરનું નામ ગાજતું કર્યું છે, અહીં બનતાં સોના ચાંદીનાં આભૂષણો અને અહીંની કલાકારીગીરીએ ચાર ચાંદ લગાવ્યા છે. મુંબઇ હોય કે બેંગ્લોર હોય કે દેશભરના આભૂષણોના મોટા શો રૂમોની રાજકોટની કલાકારીગીરીએ શોભા વધારી છે. રાજકોટ શહેર સોનાચાંદીના ઘડતર અને કલાકારીગીરીમાં દુનિયામાં જાણીતું છે. રાજકોટને આ બહુમાન અપાવવામાં શહેરના સોની સમાજ ઉપરાંત પંદર જેટલી હુન્નરશાળાઓનો મહત્ત્વનો ફાળો છે.

એક અંદાજ પ્રમાણે 60 હજાર જેટલા સોની અને અન્ય કોમનાં કારીગરો સોનાચાંદી દાગીના ઘડવાના કામમાં આજે રોકાયેલા છે. આ કારીગરો રોજના બસ્સો કિલોથી વધુ અને બે હજાર કિલોની ચાંદી ઘડીને કલાત્મક આભૂષણો તૈયાર કરે છે. રાજકોટની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે શહેરનું રળિયામણું રેસકોર્ષ, રામકૃષ્ણ આશ્રમ, રાજકુમાર કોલેજ, જયુબેલી બાગ, વોટસન મ્યુજિયમ, ગાંધી સ્મૃતિ, રાષ્ટ્રીય શાળા, સરદાર સ્મારક, આજી ડેમ, સરદાર બાગ, સ્વામિનારાયણ મંદિર વગેરે આકર્ષણ કેન્દ્રો છે.

રાજકોટથી નજીકમાં ગોંડલ ખાતે ભુવનેશ્વરી મંદિર, અક્ષર મંદિર, વીરપુર ખાતે જલારામ મંદિર, શ્રધ્ધાળુઓમાં જાણીતાં છે. રાજકોટ જિલ્લાનું જેતપુર સાડી ઉદ્યોગ માટે, મોરબી ઘડિયાલ, વિલાયતી નળિયા તેમજ ટાઇલ્સના ઉદ્યોગ માટે જાણીતું છે. રાજકોટ શહેરની વસતિ આજે દસ લાખ પર પહોંચી છે. 1974થી રાજકોટમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કામ કરતું થયું છે.

## 2.0 આંકડાકીય માહિતી

રાજકોટ જિલ્લાની ભૌગોલિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત થાય તે માટે રાજકોટ જિલ્લાની સંપૂર્ણ માહિતી ટૂંકમાં નીચે મુજબ આપવામાં આવી છે.

| | |
|---|---|
| જિલ્લાનું મુખ્ય મથક | રાજકોટ |
| ક્ષેત્રફળ | 11203 ચો કિ.મી. |
| અક્ષાંશ | 20.58 ઉત્તર અક્ષાંશ |
| રેખાંશ | 70.20 પૂર્વ રેખાંશ |
| ગામડાંઓ | 833 |
| તાલુકાઓ | 11+05+01 |
| શહેરો | 12 |
| નગરપાલિકા | 8 |
| મહાનગરપાલિકા | 01 |
| તાલુકા પંચાયત | 16 |
| સરેરાશ વરસાદ | 500 થી 600 મીલીમીટર |
| રેલ્વે | 366.57 કિ.મી. |
| સાગરકાંઠો | 35 કિ.મી. (મોરબી જિલ્લો) |
| મુખ્ય પાક | મગફળી, કપાસ, બાજરી, ઘઉં વગેરે |
| નદીઓ | 03 |
| સિંચાઇ | 227606 હેક્ટર |
| પ્રાથમિક શાળાઓ | 886+595+91 |
| માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 755+238 |
| પી.ટી.સી. કોલેજ | 04 |
| યુનિવર્સિટી | 01 |
| મેળા | જન્માષ્ટમી, આઠમનો મેળો |
| જોવાલાયક સ્થળ | રામકૃષ્ણ આશ્રમ, આજીડેમ, ભીડભંજન, રેસકોર્ષ, રફાળેશ્વર, જડેશ્વર, જલારામ મંદિર વીરપુર, ભુવનેશ્વરી મંદિર - બૌધ્ધ ગુફા - ગોંડલ, ઘેલા સોમનાથ, ઓસામ ડુંગર - ધોરાજી |

સોર્સઃ માહિતી ખાતાની બુક, District Census Handbook & UDISE+ report 2018-19, SSAM, Rajkot-Morbi-MSB Rajkot, DEO office, Rajkot

### તાલુકાવાર સાક્ષરતાની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | વસતિ | | | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | ધોરાજી | 79475 | 75421 | 154896 | 86.99 | 74.47 | 80.87 |
| 2 | ગોંડલ | 147508 | 138042 | 285550 | 86.98 | 75.45 | 81.36 |
| 3 | જામકંડોરણા | 39923 | 38207 | 78130 | 82.98 | 70.83 | 77.00 |
| 4 | જસદણ | 160305 | 153819 | 314124 | 78.66 | 59.85 | 69.40 |
| 5 | જેતપુર | 128932 | 118208 | 247140 | 85.42 | 73.05 | 79.47 |
| 6 | કોટડા સાંગાણી | 47697 | 42763 | 90460 | 85.70 | 72.21 | 79.30 |
| 7 | લોધિકા | 30168 | 27247 | 57415 | 84.66 | 69.68 | 77.52 |
| 8 | માળીયા | 40413 | 38279 | 78692 | 81.37 | 61.62 | 71.71 |
| 9 | મોરબી | 209980 | 194015 | 403995 | 88.19 | 73.35 | 81.03 |
| 10 | પડધરી | 38204 | 36577 | 74781 | 83.35 | 66.11 | 74.86 |
| 11 | રાજકોટ | 803343 | 730478 | 1533821 | 90.42 | 81.69 | 86.24 |
| 12 | ટંકારા | 44516 | 43061 | 87577 | 84.30 | 66.37 | 75.43 |
| 13 | ઉપલેટા | 92256 | 86656 | 178912 | 83.97 | 70.74 | 77.54 |
| 14 | વાંકાનેર | 111725 | 107340 | 219065 | 84.32 | 63.83 | 74.24 |
| **કુલ** | | **1974445** | **1830113** | **3804558** | **87.07** | **74.43** | **80.96** |
| 15 | રાજકોટ (એમએસબી) | 693473 | 629890 | 1323363 | 91.35 | 83.60 | 87.64 |
| 16 | હળવદ | 88092 | 82908 | 171000 | 82.88 | 62.76 | 73.10 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

## રાજકોટ જિલ્લાની તાલુકાવાર બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ધો. 1-5 | ધો. 1-8 | ધો. 9-10 | ધો. 9-12 | ધો. 1-12 | કુલ શાળાઓ(LB) | Dept. of Edu. | RMSA | MODEL | KGBV | Ashram | Aided | SF | Others |
| 1 | ધોરાજી | 1 | 7 | 3 | 47 | 1 | 0 | 0 | 51 | 2 | 0 | 0 | 0 | 0 | 19 | 72 | 0 |
| 2 | ગોંડલ | 1 | 14 | 5 | 117 | 0 | 0 | 0 | 122 | 2 | 0 | 0 | 0 | 0 | 33 | 129 | 0 |
| 3 | જામકંડોરણા | 1 | 7 | 4 | 53 | 2 | 0 | 0 | 59 | 2 | 0 | 0 | 0 | 0 | 9 | 18 | 0 |
| 4 | જસદણ | 1 | 11 | 6 | 109 | 0 | 3 | 0 | 118 | 6 | 2 | 1 | 2 | 2 | 10 | 98 | 0 |
| 5 | જેતપુર | 1 | 9 | 2 | 72 | 7 | 2 | 0 | 83 | 2 | 0 | 0 | 0 | 0 | 15 | 107 | 1*** |
| 6 | કોટડા સાંગાણી | 1 | 5 | 2 | 52 | 0 | 0 | 0 | 54 | 0 | 0 | 0 | 0 | 0 | 7 | 35 | 0 |
| 7 | લોધિકા | 1 | 5 | 2 | 42 | 2 | 0 | 0 | 46 | 1 | 0 | 0 | 0 | 0 | 4 | 36 | 0 |
| 8 | પડધરી | 1 | 9 | 7 | 75 | 2 | 0 | 0 | 84 | 1 | 1 | 0 | 0 | 0 | 9 | 36 | 1** |
| 9 | રાજકોટ | 1 | 15 | 11 | 122 | 2 | 1 | 0 | 136 | 2 | 4 | 0 | 0 | 3 | 14 | 113 | 0 |
| 10 | ઉપલેટા | 1 | 10 | 10 | 67 | 1 | 4 | 0 | 82 | 0 | 0 | 0 | 0 | 2 | 28 | 58 | 0 |
| 11 | વિંછીયા | 1 | 9 | 11 | 75 | 0 | 0 | 0 | 86 | 6 | 7 | 0 | 1 | 1 | 5 | 33 | 1* |
| કુલ | | **11** | **101** | **63** | **831** | **17** | **10** | **0** | **921** | **24** | **14** | **1** | **3** | **8** | **153** | **735** | **3** |
| 12 | રાજકોટ (એમએસબી) | **3** | **25** | **7** | **81** | **3** | **3** | **0** | **94** | **2** | **0** | **0** | **1** | **3** | **76** | **759** | **1*** ** |
| કુલ | | **14** | **126** | **70** | **912** | **20** | **13** | **0** | **1015** | **26** | **14** | **1** | **4** | **11** | **229** | **1494** | **4** |

* Other Govt. managed, ** Jawahar Navodaya, *** Central

Source: UDISE+ report 2019-20, SSAM, Rajkot

## મોરબી જિલ્લાની તાલુકાવાર બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | **ધો. 1-5** | **ધો. 1-8** | **ધો. 9-10** | **ધો. 9-12** | **ધો. 1-12** | **કુલ શાળાઓ(LB)** | **Dept. of Edu.** | **RMSA** | **MODEL** | **KGBV** | **Ashram** | **Aided** | **SF** | **Others** |
| 1 | મોરબી | 1 | 18 | 13 | 169 | 5 | 0 | 0 | 187 | 5 | 0 | 0 | 0 | 1 | 21 | 144 | 0 |
| 2 | માળીયા | 1 | 6 | 4 | 74 | 1 | 1 | 0 | 80 | 3 | 0 | 1 | 1 | 0 | 8 | 1 | 0 |
| 3 | ટંકારા | 1 | 6 | 1 | 59 | 2 | 0 | 0 | 62 | 1 | 0 | 0 | 0 | 0 | 10 | 26 | 0 |
| 4 | વાંકાનેર | 1 | 16 | 2 | 157 | 5 | 1 | 0 | 165 | 2 | 4 | 1 | 1 | 1 | 10 | 48 | 0 |
| 5 | હળવદ | 1 | 10 | 23 | 93 | 4 | 1 | 0 | 121 + 1 | 5 | 10 | 1 | 1 | 0 | 7 | 39 | 1***, 1**** |
| કુલ | | **5** | **56** | **43** | **552** | **17** | **3** | **0** | **616** | **16** | **14** | **3** | **3** | **2** | **56** | **258** | **2** |

* Other Govt. managed, ** Jawahar Navodaya, *** Central, **** only upper primary

Source: UDISE+ report 2019-20, SSAM, Morbi

**રાજકોટ, મોરબી જિલ્લાની અને રાજકોટ (એમએસબી)ની કુલ બીઆરસી., સીઆરસી., શાળાઓની માહિતી**

| ક્રમ | જિલ્લાનું નામ | બી.આર.સી. | સી.આર.સી. | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | રાજકોટ | 11 | 101 | 921 |
| 2 | મોરબી | 5 | 56 | 616 |
| કુલ | | **16** | **157** | **1537** |
| 3 | રાજકોટ (એમએસબી) | **3** | **25** | **94** |

Source: UDISE+ report 2019-20, SSAM, Rajkot & Morbi

**રાજકોટ જિલ્લાના તાલુકાવાર વિદ્યાર્થીઓની માહિતી (Local Body)**

| ક્રમ | તાલુકાનું નામ | વિધાર્થીઓની સંખ્યા (ધો.1 થી 8) | | | વિધાર્થીઓની સંખ્યા (ધો. 9 થી 12) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | ધોરાજી | 3671 | 3855 | 7526 | 43 | 39 | 82 |
| 2 | ગોંડલ | 7225 | 7278 | 14503 | 0 | 0 | 0 |
| 3 | જામકંડોરણા | 2801 | 2698 | 5499 | 71 | 46 | 117 |
| 4 | જસદણ | 8544 | 8886 | 17430 | 330 | 318 | 648 |
| 5 | જેતપુર | 4581 | 5021 | 9602 | 485 | 1151 | 1636 |
| 6 | કોટડા સાંગાણી | 3978 | 3783 | 7761 | 0 | 0 | 0 |
| 7 | લોધિકા | 3519 | 3157 | 6676 | 103 | 50 | 153 |
| 8 | પડધરી | 4215 | 3734 | 7949 | 78 | 126 | 204 |
| 9 | રાજકોટ | 10678 | 10601 | 21279 | 437 | 344 | 781 |
| 10 | ઉપલેટા | 5159 | 5351 | 10510 | 691 | 898 | 1589 |
| 11 | વિંછીયા | 7021 | 7297 | 14318 | 0 | 0 | 0 |
| કુલ | | **61392** | **61661** | **123053** | **2238** | **2972** | **5210** |
| 12 | રાજકોટ(એમએસબી) | **13717** | **14690** | **28407** | **531** | **563** | **1094** |

Source: UDISE+ report 2019-20, SSAM, Rajkot

## રાજકોટ જિલ્લાના તાલુકાવાર શિક્ષકોની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ધોરણ 1 થી 12 (કુલ ધોરણ 9 થી 12) | | |
| | | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | ધોરાજી | 133 | 178 | 311 (3) |
| 2 | ગોંડલ | 307 | 397 | 704 (0) |
| 3 | જામકંડોરણા | 130 | 177 | 307 (7) |
| 4 | જસદણ | 369 | 430 | 799 (27) |
| 5 | જેતપુર | 187 | 262 | 449 (58) |
| 6 | કોટડા સાંગાણી | 153 | 197 | 350 (0) |
| 7 | લોધિકા | 113 | 171 | 284 (5) |
| 8 | પડધરી | 163 | 254 | 417 (8) |
| 9 | રાજકોટ | 334 | 540 | 874 (18) |
| 10 | ઉપલેટા | 243 | 270 | 513 (51) |
| 11 | વિંછીયા | 359 | 180 | 539 (0) |
| કુલ | | **2491** | **3056** | **5547 (177)** |
| 12 | રાજકોટ(એમએસબી) | **288** | **679** | **967 (40)** |

Source: UDISE+ report master file, 2019-20, SSAM, Rajkot

## મોરબી જિલ્લાના તાલુકાવાર વિદ્યાર્થીઓની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | વિધાર્થીઓની સંખ્યા (ધો.1 થી 8) | | | વિધાર્થીઓની સંખ્યા (ધો. 9 થી 12) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | મોરબી | 12882 | 12856 | 25738 | 216 | 128 | 344 |
| 2 | માળીયા (મિંયાણા) | 4245 | 3961 | 8206 | 180 | 101 | 281 |
| 3 | ટંકારા | 3970 | 3709 | 7679 | 74 | 46 | 120 |
| 4 | વાંકાનેર | 11193 | 12210 | 23403 | 223 | 744 | 967 |
| 5 | હળવદ | 11547 | 11155 | 22702 | 404 | 291 | 695 |
| **કુલ** | | **43837** | **43891** | **87728** | **1097** | **1310** | **2407** |

Source: UDISE+ report 2019-20, SSAM, Morbi

## મોરબી જિલ્લાના તાલુકાવાર શિક્ષકોની માહિતી (Local Body)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ધોરણ 1 થી 12 (કુલ ધોરણ 9 થી 12) | | |
| | | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | મોરબી | 566 | 436 | 1002 (15) |
| 2 | માળીયા (મિંયાણા) | 223 | 117 | 340 (10) |
| 3 | ટંકારા | 204 | 161 | 365 (6) |
| 4 | વાંકાનેર | 475 | 429 | 904 (31) |
| 5 | હળવદ | 563 | 260 | 823 (23) |
| **કુલ** | | **2031** | **1403** | **3434 (85)** |

Source: UDISE+ report master file, 2019-20, SSAM, Morbi

## રાજકોટ જિલ્લાના તાલુકાવાર પીટીઆર, એસસીઆર અને કલાસરૂમ

| ક્રમ | તાલુકાનું નામ | PTR | SCR | Classroom |
|---|---|---|---|---|
| 1 | ધોરાજી | 24.46 | 21.74 | 350 |
| 2 | ગોંડલ | 20.60 | 19.11 | 759 |
| 3 | જામકંડોરણા | 18.29 | 14.47 | 388 |
| 4 | જસદણ | 22.63 | 24.01 | 753 |
| 5 | જેતપુર | 25.03 | 22.80 | 493 |
| 6 | કોટડા સાંગાણી | 22.17 | 19.45 | 399 |
| 7 | લોધિકા | 24.05 | 23.88 | 286 |
| 8 | પડધરી | 19.55 | 19.05 | 428 |
| 9 | રાજકોટ | 25.24 | 23.34 | 945 |
| 10 | ઉપલેટા | 23.59 | 23.54 | 514 |
| 11 | વિંછીયા | 26.56 | 26.66 | 537 |
| કુલ | | **23.12** | **21.03** | **5852** |
| 12 | રાજકોટ(એમએસબી) | **30.51** | 33.83 | **872** |

Source: UDISE+ report 2019-20, SSAM, Rajkot

**મોરબી જિલ્લાના તાલુકાવાર પીટીઆર, એસસીઆર અને કલાસરૂમ**

| ક્રમ | તાલુકાનું નામ | PTR | SCR | Classroom |
|---|---|---|---|---|
| 1 | મોરબી | 26.02 | 22.10 | 1180 |
| 2 | માળીયા (મિંયાણા) | 24.96 | 20.45 | 415 |
| 3 | ટંકારા | 21.37 | 20.74 | 376 |
| 4 | વાંકાનેર | 26.96 | 23.23 | 1049 |
| 5 | હળવદ | 28.43 | 29.28 | 799 |
| **કુલ** | | **26.25** | **23.60** | **3819** |

Source: UDISE+ report 2019-20, SSAM, Morbi

## રાજકોટ જિલ્લાની માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

| ક્રમ | ફાળવેલ શાળાઓ | | | | કુલ |
|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | લોકલ બોડી | સ્વ નિર્ભર | |
| 1 | 45 | 222 | 33 | 592 | 892 |
| કુલ | **45** | **222** | **33** | **592** | **892** |

Source: DEO Office, 2020-21, Rajkot

## મોરબી જિલ્લાની માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

| ક્રમ | ફાળવેલ શાળાઓ | | | કુલ |
|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | સ્વ નિર્ભર | |
| 1 | 38 | 74 | 113 | 225 |
| કુલ | **38** | **74** | **113** | **225** |

Source: DEO Office, 2020-21, Morbi

## 3.0 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય

### 3.1 પ્રસ્તાવના

સ્વાતંત્ર્ય પછી ભારતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રીકરણ એ પાયાનો ઉદ્દેશ રહ્યો છે. ભારતીય બંધારણની કલમ 45 મુજબ સંવિધાનના આરંભથી દસ વર્ષની મુદતની અંદર તમામ બાળકને તેમની ચૌદ વર્ષની વય પૂરી થાય ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઇ કરવામાં આવશે. આ સંવિધાનની જોગવાઇ મુજબ દેશે પ્રારંભિક શિક્ષણ અને અક્ષરજ્ઞાનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમ છતાં શિક્ષણના પ્રારંભિક તબકકામાં અધવચ્ચેથી અભ્યાસ છોડી જનારાઓનું પ્રમાણ વધુ રહ્યું હતું. સાથે સાથે છેવાડાના વ્યકિત સુધી શિક્ષણ વિસ્તારી શકયા નહોતા. આ પરિસ્થિતિને લઇ મે - 1986માં સંસદે શિક્ષણ અંગેની નવી રાષ્ટ્રીય શિક્ષાનીતિ ( National Policy in Education) અમલમાં મૂકી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ અપનાવી ત્યાં સુધી રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ( NCERT), રાષ્ટ્રીય શિક્ષણ આયોજન અને વહીવટ સંસ્થા (NUEPA) અને રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (SCERT) જેવી સંસ્થાઓ દ્વારા જ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણમાં સહાય પૂરી પાડવામાં આવતી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં શિક્ષક-પ્રશિક્ષણ, સેવાકાલીન અને પૂર્વસેવા ક્ષેત્રોને મહત્વનાં ગણી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની રચના પ્રાથમિક સ્તરે જ શિક્ષણના ઊર્ધ્વીકરણ કરવાના એક ભાગરૂપે કરવામાં આવી.

### 3.2 હેતુઓઃ

- પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રોમાં હાથ ધરાતા કાર્યક્રમો માટે પાયાના સ્તરે શૈક્ષણિક અને સાધનરૂપ સહાય પૂરી પાડવી.
- જિલ્લાની જરૂરિયાત પ્રમાણે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરશે.

• સંસ્થા (ડાયેટ)ની પોતાની કામગીરીની ઉત્કૃષ્ટતા માટે સતત પ્રયત્ન કરવા. ડાયેટ અને પ્રારંભિક અને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધ્યેયો સિદ્ધ કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ બની રહેશે.

આમ, કાર્યક્ષમ અને અસરકારક આયોજન અને કામગીરીનો અમલ, સુસંવાદી અને સર્જનાત્મક સંસ્થાકીય વાતાવરણ, સ્વચ્છ અને આકર્ષક કેમ્પસનો નિભાવ વગેરે જિલ્લામાં અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે આદર્શરૂપે બનવાની અપેક્ષા રહેશે.

**3.3 કાર્યોઃ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં મુખ્ય કાર્ય આ મુજબ રહેશે...

(1) તાલીમ (2) સાધન-સહાય વિસ્તરણ (3) સંશોધન

(1) તાલીમઃ

તાલીમ મુખ્યત્વે બે પ્રકારે આપવાની રહેશેઃ

(અ) પૂર્વસેવા તાલીમઃ જે નિર્ધારિત સમયમર્યાદામાં આપવાની રહેશે, જયારે

(બ) સેવાકાલીન તાલીમઃ એ નિરંતર તાલીમ રહેશે.

વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને લઇ સેવાકાલીન તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ સાથે સંશોધનનાં તારણો આધારિત (રિસર્ચ બેઇઝ) તાલીમ અને વિસ્તાર આધારિત (એરિયા બેઇઝ) તાલીમ ડાયટ દ્વારા આયોજિત હોય છે, જેમાં લાભાર્થી જૂથ તરીકે શિક્ષક ઉપરાંત સમાજના સભ્યો, શિક્ષણમાં વહીવટકર્તાઓ, અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓનો સમાવેશ થાય છે.

(2) સાધન-સહાય વિસ્તરણઃ

- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સાધન-સહાય વિસ્તરણ એ ડાયટની જવાબદારીયુકત કામગીરી બની રહી છે.
- અભ્યાસક્રમને ધ્યાનમાં લઇ આયોજનો પૂરા પાડવા.
- અભ્યાસક્રમ આધારિત પૂરક સાહિત્ય નિર્માણ કરવું.

- વર્તમાન પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન વ્યવસ્થા પૂરી પાડવી.
- ટેકનીકલી સપોર્ટ પૂરો પાડવો, જેમાં ઓડિયો-વિડીયો, સી.ડી., પ્રોગ્રામીંગ, ટેકનીકલી મેથડ (વિષયવાર) વગેરે.
- શિક્ષણ-પ્રશિક્ષણ આધારિત સાહિત્ય-માર્ગદર્શિકા તૈયાર કરવી.
- સમયાંતરે ગુણવત્તા ચકાસણી સંબંધિત રિપોર્ટ તૈયાર કરવા.
- શૈક્ષણિક આયોજન તૈયાર કરવા.
- શૈક્ષણિક કાર્યક્રમોનાં રિપોર્ટ તૈયાર કરવા. ડેટાબેઝ (જિલ્લાનો) તૈયાર કરવો.

(3) સંશોધનઃ

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો માટે સંશોધન કાર્ય એ અગત્યની કામગીરી પુરવાર થઇ છે.
- ડાયટ ફેકલ્ટી દ્વારા સંશોધન હાથ ધરવા.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરતા શિક્ષકો-નિરીક્ષકો અને અન્ય સ્ટોક હોલ્ડર્સ દ્વારા સંશોધન હાથ ધરવા.
- સંશોધન કાર્ય સંબંધિત માર્ગદર્શન પૂ૭રું પાડવું.
- સિદ્ધિ સર્વેક્ષણ કરવા.
- ક્ષેત્રીય શૈક્ષણિક સર્વેક્ષણ કરી જરૂરિયાતોનો પરિચય મેળવવો.
- સર્વેક્ષણના આધારે માઇક્રો યોજના નિર્માણ કરવું.
- નિરીક્ષણમાં નવીનતાઓ શોધવી તથા ક્ષેત્રોમાં વિસ્તારવી.
- સંસ્થાની પત્રિકા, બુલેટીન, સામયિકો પ્રસિદ્ધ કરવા, તેના લેખો દ્વારા શિક્ષણ ક્ષેત્રોની માહિતી આપવી.
- રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને સામગ્રી વિકાસ, પરીક્ષણ અને મોનીટરિંગ માટે મદદ કરવી.

આમ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરી વ્યાપકપણે વિસ્તરેલી છે.

**3.4 શાખાવાર કાર્યો**

❖ <u>પૂર્વ સેવા પ્રશિક્ષણ શાખા (પી.એસ.ટી.ઇ. શાખા)</u>

નીચેની બાબતોમાં કેન્દ્રવર્તીશાખા તરીકે સેવાઓ આપવી.

- પ્રારંભિક શાળાના શિક્ષકો માટે પૂર્વ સેવા તાલીમ અભ્યાસ ક્રમોનું સંચાલન (પ્રવેશ, પ્રશિક્ષણ અને  મૂલ્યાંકન સહિત) અને આ શાખા દ્વારા અધ્યાપન કરાવતા વિષયોના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક માહિતી પૂરી પાડવી.
- તાલીમ, વિસ્તરણ, યોગ્ય અધ્યાપન સામગ્રી તૈયાર કરવી, કામગીરી સંશોધન વગેરે દ્વારા (ક) વિધાર્થીલક્ષી શિક્ષણ અને (ખ) વ્યકિતત્વ વિકાસ માટેના શિક્ષણ (મૂલ્યો અને સાંસ્કૃતિક શિક્ષણ સહિત ) નો પ્રચાર કરવો.
- અધ્યાપન પદ્ધતિ વિજ્ઞાનને લગતી તમામ બાબતો (દા.ત. વિવિધ કક્ષાનું અધ્યાપન અને સમાન જૂથ શિક્ષણ વગેરે) અને શાખા અધ્યાપન કરાવતા અશાલેય શિક્ષણના વિષયો માટેના શાળાના અદયાપન પદ્ધતિ વિજ્ઞાનને લગતી નિર્દિષ્ટ બાબતો.
- જિલ્લાની શાળાઓ અને અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણને માટે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન સેવાઓની જોગવાઇ કરવી.
- અભાવગ્રસ્ત જૂથોના બાળકોની શીખવાની પ્રકિયાને લગતી બધી જ બાબતો (દા.ત. શિખાઉ વિધાર્થીઓની પ્રથમ પેઢી માટે ખાસ ઉપચારાત્મક પ્રશિક્ષણ )
- મોટી પંગુતા તથા અન્ય નાની (શારીરિક કે માનસિક) પંગુતાવાળા બાળકોનું શિક્ષણ
- પ્રતિભાશાળી વિધાર્થીઓને શિક્ષણ
- સંસ્થાની અન્ય બધી શાખાઓ દ્વારા હાથ ધરાતા કે શિખવાતા કાર્યક્રમો પ્રવૃતિઓને વિષયો જેટલી શિખવાતાં ક્ષેત્રો જેટલી માહિતી પૂરી પાડવી. આવાં કાર્યક્રમોમાં નીચેની જેવી બાબતોનો સમાવેશ કરી શકાય.

- ○ પ્રારંભિક શિક્ષકો માટે સેવા અંતર્ગત કાર્યક્રમો
- ○ અશાલેય શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમ
- ○ સ્થાનિક રીતે પ્રસ્તુત હોય તેવો પાઠયક્રમ, અદયાપન સામગ્રી, પરીક્ષણ અને મૂલ્યાંકન સાધનો પ્રૌધોગિકી વગેરે વિકાસ.

- ક્ષેત્રીય આંતરક્રિયા (વિસ્તરણ સહિત) પ્રવૃતિઓ
- અભાવગ્રસ્ત જૂથોના બાળકોની શીખવાની બાબતમાં અને પ્રતિભાશાળી વિધાર્થીઓના શિક્ષણમાં સુધારો થાય તે રીતે કાર્ય-સંશોધન.
- વિજ્ઞાન પ્રયોગશાળા, મનોવૈજ્ઞાનિક સાધનો, અશકત બાળકો માટેનો શિક્ષણ સાધનખંડ, કલા શિક્ષણ ખંડ અને રમતગમત અને વ્યાયમ શિક્ષણની સામગ્રી અને સુવિધાઓની જાળવણી કરવી.
- ચર્ચાસભા અને વકતૃત્વ, સાહિત્ય, વિજ્ઞાન મેળા, દશ્ય અને અભિનય કલાઓ, રમતગમત અને વ્યાયમ શિક્ષણ સ્પધાઓ, યોગ, શોખ વગેરે જેવી શાખાની મોટી કામગીરીઓને લગતાં ક્ષેત્રોમાં સહ-પાઠયક્રમ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું અને તેને સહાય આપવી.

❖ **<u>આયોજન અને વ્યવસ્થાપન શાખા (પી. એન્ડ એમ. શાખા)</u>**

- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યના લક્ષ્યાંકો સિધ્ધ કરવા વિવિધ આયોજનના અમલની જરુરિયાત હોય તેવા જિલ્લાઓ માટે અને આવાં લક્ષ્યાંકો સિધ્ધ કરવા થયેલી પ્રગતિની દેખરેખ માટે યોગ્ય માહિતી-આધાર જાળવવો.
- પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યનાં શૈક્ષણિક આયોજકો/વહિવટીકારો/જિલ્લા શિક્ષણ બોર્ડને નીતિ વિષયક સલાહ આપવા અભ્યાસો હાથ ધરવા, આવાં અભ્યાસો માટેના કેટલાંક મહત્વના ક્ષેત્રો નીચે મુજબ છે.
- બાળકો અને શિખનારા પ્રૌઢના નામ દાખલ કરવા તેમનો અભ્યાસ જાળવી રાખવો અને તેમની હાજરીની નિયમિતતા (ખાસ કરીને મહિલા, અ.જા., અ.જ.જાતિની વ્યકિતઓ,

લઘુમતીઓ, વિકલાંગો, ગંદા રહેઠાણના વસાહતીઓ અને અન્ય લાભ વંચિત જૂથો) અને તેને અસર કરતાં અન્ય પરિબળો

- ઉપર્યુકત બાબતો અંગે દખલ કરતાં વિવિધ પરિબળો (પ્રોત્સાહન સહિતની) અસર
- બુનિયાદી શિક્ષણની પ્રક્રિયામાં લોકોની સમજ અને તેમાં તેમની ભાગીદારી
- જિલ્લાની સંસ્થાઓની મૂલ્યાંકન માટેના ધોરણો, માપદંડ અને તકનિકો વિકસાવવાં (શાળાઓ અને પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ કેન્દ્રો) ઉકત અભ્યાસો અને સંખ્યાબંધ કાર્ય-સંશોધન પ્રવૃતિ હાથ ધરવા માટે સરળતાપૂર્વક સંપર્ક કરી શકાય તેવા જિલ્લાના શૈક્ષણિક રીતે પછાત એવા એક કે બે વિસ્તારને ખાસ પસંદ કરવામા આવશે. આ વિસ્તારોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રયોગશાળા વિસ્તાર તરીકે ઓળખાવવામાં આવશે. આ પ્રયોગશાળા વિસ્તારોમાં સંખ્યાબંધ અભ્યાસો અને કાર્ય સંશોધનો હાથ ધરવામાં આવશે, એમ છતાં તે અભ્યાસો આ વિસ્તારો પૂરતા જ મર્યાદિત રહે તેવું જરુરી નથી, તેમાં સમાવિષ્ટ થતા કામના પ્રકારના આધારે અન્ય યોગ્ય વિસ્તારોની પણ પસંદગી કરવામાં આવશે.
- શૈક્ષણિક તંત્રોને (1) શાળા નકશાકામ (2) નિર્દિષ્ટ ક્ષેત્ર અને લક્ષ્ય જૂથની નિર્દિષ્ટ પધ્ધતિ અંગે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/એ.યુ.ઇ.ઇ. માટે લધુસ્તરીય આયોજન (3) શાળા સંકુલોનું નિર્માણ અને પ્રવૃતિ (4) શાળા સંકુલો/શાળાઓ, વગેરે માટે સંસ્થાગત આયોજન અને (5) સંસ્થાકીય મૂલ્યાંકન માટે તકનિકી સહાય પૂરી પાડવી.
- નેતૃત્વ, પ્રેરણ, સમૂહની ભાગીદારી, શૈક્ષણિક વહીવટ, નાણાં વ્યવસ્થા અને હિસાબ, કચેરી કામગીરી પ્રાથમિક શિક્ષણ/પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકીકરણના આયોજન, સંસ્થાકીય આયોજન વગેરે ક્ષેત્રોને આવરી લઇ મુખ્ય શિક્ષકો, શાળા, સંકુલોના વડાઓ અને આયોજન અને વ્યવસ્થામાંના ઘટક કક્ષાના શૈક્ષણિક કાર્યકરો માટે યોગ્ય કાર્યક્રમોનું સંચાલન કરવું.

- ખાસ કરીને પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ/પ્રારંભિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ અને રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યના ઉદેશોની સામે જિલ્લામાં અમલી બનાવાયેલા શૈક્ષણિક વિકાસના વિવિધ કાર્યક્રમોની અસરકારતાનું મૂલ્યાંકન કરવું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પંચવર્ષીય તથા વાર્ષિક સંસ્થાકીય આયોજનો અને વાર્ષિક સ્વમૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા માટે તથા જિલ્લા શિક્ષણ સમિતિ સાથે સંપર્ક રાખવા માટે કેન્દ્રવર્તી શાખા તરીકે□□ કામગીરી કરવી.
- સંસ્થાના બધા જ કાર્યક્રમો/પ્રવૃતિઓ, દા.ત. શિક્ષકો માટે પૂર્વ સેવા અને અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગ માટે તાલીમ કાર્યક્રમ, ક્ષેત્રીય આંતરક્રિયા પ્રવૃતિઓ, કામગીરી સંશોધન વગેરેની બાબતમાં ખાસ કરીને ઉકત બાબત નં-3 માં દર્શાવેલાં ક્ષેત્રોના સંદર્ભમાં આયોજન માહિતી પૂરી પાડવી.

❖ <u>**કાર્યાનુભવ શાખા (ડબ્લ્યુ. ઇ. શાખા)**</u>

- સંબંધિત કાર્ય અનુભવના સ્થાનિક ક્ષેત્રો મુકરર કરતા અને સંબંધિત કેન્દ્રવર્તી શાખાઓ સાથે સહ્યોગ સાધીને આવાં ક્ષેત્રમાં નમૂનારુપ પાઠયક્રમ એકમો, અધ્યાપન અને અધ્યાપન સામગ્રી, ઓછા ખર્ચના અધ્યાપન સાધનો અને સ્વ-મૂલ્યાંકન સાધનો/ તકનિકો વિકસાવવાં (સંબંધિત સ્થાનિક ક્ષેત્રોના ઉદાહરણો છેઃ કાંતણ, વણાટ, રંગકામ ,વાંસકામ, મધમાખી ઉછેર, ચટાઇ બનાવવી વગેરે.)
- શૈક્ષણિક તંત્રો અને પ્રારંભિક શાળાઓ,અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને આવી શાળા/કેન્દ્રોમાં કાર્ય-અનુભવની પ્રવૃતિઓના આયોજિત પ્રવેશ માટે  સહ્રાય કરવી.
- સંસ્થાના અન્ય બધા કાર્યક્રમો અને પ્રવૃતિઓ દા.ત. શિક્ષકો માટે પૂર્વ સેવા અને સેવા અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણના કર્મચારી માટે તાલીમી કાર્યક્રમ, ક્ષેત્રીય આંતરક્રિયા (વિસ્તરણ સહિત) પ્રવૃતિઓ, કાર્ય સંશોધન વગેરેમાં કાર્ય-અનુભવને લગતી માહિતી પૂરી પાડવી.

- સંસ્થાના મકાન વિસ્તાર-માર્ગો, રમતનું મેદાન, લોન, બગીચો, વગેરે અને તેની આસપાસના વિસ્તારની સ્વચ્છતા, સંસ્થાનું ફર્નિચર અને અન્ય મિલકતના બુનિયાદી નિભાવ અને વિકાસ, સામાન્ય દેખભાળ માટેની પ્રવૃતિઓનું સંચાલન કરવું.
- તાલીમી કાર્યક્રમના એક ભાગ તરીકે કાર્ય-કેન્દ્રો ખાતે સમૂહ સેવા પ્રવૃતિઓ અને અભ્યાસ મુલાકાતોનું આયોજન કરવું અને અભ્યાસેતર ધોરણે આવી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- કાર્યાનુભવ પ્રવૃતિઓ માટે કાર્યશાળા/ખેતર/બગીચાની જાળવણી કરવી. સંસ્થાના તાલીમાર્થીઓમાં કાર્યને લગતી શોખની પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.

❖ **જિલ્લા સંશાધન એકમ (ડી.આર.યુ. શાખા)**

- સમગ્ર જિલ્લામાં પ્રૌઢશિક્ષણ અશાલેય શિક્ષણના કર્મચારી વર્ગ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવામાં શિક્ષણ સતાધિકારીઓને સહાય કરવી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહારનાં આવાં કાર્યક્રમોના સંચાલનમાં જરુરી સહાય પૂરી પાડવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજિત થનાર અશાલેય શિક્ષણ, પ્રૌઢ શિક્ષણના પ્રશિક્ષકો અને અવેક્ષકો પ્રેરકોને પ્રેરણા-તાલીમ અને નિરંતર શિક્ષણનો કાર્યક્રમ (પ્રૌઢ શિક્ષણ પ્રેરકો માટેનો કાર્યક્રમ) રાજય સંસાધન કેન્દ્ર સાથે સંયુકત રીતે હાથ ધરવામાં આવશે.

નીચે પ્રમાણેની સાધનરુપ વ્યકિતઓ માટે સંસ્કરણ કાર્યક્રમોઃ-

- (ક) જિલ્લામાં અન્ય કેન્દ્રો ખાતે દર્શાવેલા કાર્યક્રમોનું જે સંચાલન કરે તે (એટલે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર) દા.ત. નહેરુ યુવક કેન્દ્ર, અશાલેય શિક્ષણ/પ્રૌઢશિક્ષણ પરિયોજના, બિનસરકારી સંગઠનો વગેરેના કર્મચારીઓ.
- (ખ) સમગ્ર પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ કાર્યક્રમોના સંપૂર્ણ સફળ અમલ માટે સાધનરુપ વ્યકિતઓ, દા.ત. વિકાસ વિભાગના વિસ્તરણ અધિકારીઓ, સાર્વજનિક નેતાઓ, નિવૃત્ત શિક્ષકો, માજી-સૈનિકો, રાષ્ટ્રીસેવા યોજના સ્વંય સેવકો, સંકલિત બાળવિકાસ યોજનાના અધિકારીઓ કાર્યલક્ષી અક્ષરજ્ઞાનના સમૂહ કાર્યક્રમો સાથે સંકળાયેલ અન્ય વ્યકિતઓ.

- અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણમાં જરુરી સાહિત્ય સામગ્રી, ઉદેશો, પદ્ધતિ વિજ્ઞાન, મૂલ્યાંકનો, સમસ્યાઓ વગેરે જેવા ઉકત કાર્યક્રમોના હાર્દરુપ ક્ષેત્રો તેમજ કર્મચારીવર્ગ ખાસ કરીને ભાષા, અંક ગણિતના શિક્ષણમાં અને કાર્યલક્ષી કૌશલમાં જરુરી ભુમિકા ધરાવે તે માટે આવાં વિષયો/ક્ષેત્રોને લગતા શિક્ષણમાં પ્રશિક્ષણને લગતી માહિતી પૂરી પાડવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અને તેની બહાર ગોઠવવામાં આવેલ અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણના કર્મચારીઓના તાલીમ કાર્યક્રમની ગુણવત્તા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને તેની દેખરેખ રાખવી અને તેમાં નિરંતર સુધારણા થાય તે માટે પ્રયત્ન કરવા.
- સંસ્થા ખાતે તાલીમ લેતા અશાલેય/પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગ અંગે માહિતી-આધારની જાળવણી કરવી અને આવી તાલીમોને સુસંગત અનુવર્તી પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.
- પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે પાઠયક્રમ,બુનિયાદી અને અક્ષરજ્ઞાન પછીનું અધ્યાપન-અધ્યયન સામગ્રી, અલ્પ ખર્ચે અધ્યાપન અને મૂલ્યાંકન સાધનો સામે અન્ય સંબંધિત શાખાઓની મદદ લઇને અનુવર્તી પ્રવૃત્તિઓ હાથ ધરવી.
- હાલનાં પાઠયક્રમ એકમો અધ્યાપન-અધ્યયન સાધનોને સ્થાનિક જરુરિયાતને અનુરુપ બનાવવાં.
- જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં બોલાતી બોલીઓ સહિત સ્થાનિક રીતે પ્રસ્તુત હોય તેવી નવી બાબતો વિકસાવવી.
- જિલ્લાના પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ પરિયોજનાઓ અને કેન્દ્રો સામે ક્ષેત્રીય આંતરક્રિયા(વિસ્તરણ સહિત) હાથ ધરવી અને ક્ષેત્ર દ્વારા પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણના વિસ્તારમાં ઊભી થયેલી શૈક્ષિણક સમસ્યાઓ માટે સંદર્ભ એકમ તરીકે કામગીરી કરવી.
- પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ માટે માધ્યમોની સહાય લેવા માટે જિલ્લા શિક્ષણ બોર્ડ અને પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ તંત્રને મદદરૂપ થવું (પરંપરાગત માધ્યમોને કામમાં લેવા)

અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે અન્ય શાખાઓના જરૂરી હોય તેટલા સહયોગથી સંબંધિત બધા જ ક્ષેત્રોમાં કાર્ય સંશોધન હાથ ધરવું.

❖ **<u>સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા (આઇ.એફ.આઇ.સી. શાખા)</u>**

- સમગ્ર જિલ્લામાં પ્રારંભિક શિક્ષકો માટેના સેવા અંતર્ગત શિક્ષણ કાર્યક્રમોના આયોજન અને સંકલનમાં શૈક્ષણિક તંત્રોને સહાય કરવી અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજિત કરેલા કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવું. આ શાખા તેની કામગીરીને અનુરૂપ નીચેની કામગીરી કરશે.
- જિલ્લામાં પ્રારંભિક શિક્ષકોની તાલીમ જરૂરિયાતને મુકરર કરીને આવી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભાવિલક્ષી આયોજન તૈયાર કરવું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજન કરવાના તમામ કાર્યક્રમોની વાર્ષિક યાદી તૈયાર કરવી.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર યોજવાના સેવા અંતર્ગત કાર્યક્રમોનું વાર્ષિક સમયપત્રક તૈયાર કરવામાં સંબંધિત તંત્રોને મદદ કરવી.

નીચેની કામગીરીના સંચાલન માટે કેન્દ્રવર્તી શાખા તરીકે સેવા આપવી.

- કોઇ એક શાખા સાથે જેના વિષયો સંપૂર્ણપણે કે મુખ્યત્વે સંકળાયેલા ન હોય, જેમ કે સાપેક્ષ રીતે સામાન્ય સાર્વત્રિક પ્રકારના કાર્યક્રમો જેવા ભવન ખાતેના શિક્ષકો અને આચાર્યો માટેના સેવા અંતર્ગત બધા જ શૈક્ષણિક કાર્યક્રમો.
- જિલ્લામાં અન્ય મથકો ખાતે એટલે કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બહાર શિક્ષકો માટે સેવા અંતર્ગત કાર્યક્રમોનું આયોજન કરનારા સાધનોરૂપ વ્યકિતઓ માટે સંસ્કરણ કાર્યક્રમો.
- દૂર/દૂર સંપર્ક પદ્ધતિ દ્વારા શિક્ષકો માટેના સેવા અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમો (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પોતાની રીતે આ પધ્ધતિથી જે કાર્યક્રમો કરવાના છે તેના એક ભાગ, જે

રાજય કક્ષાએ યોજાતા આવાં કાર્યક્રમો માટે જિલ્લા કક્ષાના અભ્યાસ કેન્દ્ર તરીકે સેવાઓ આપશે. ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન શાખા તરીકે પણ સેવા આપશે.)

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની અંદર અને બહાર યોજાતા સેવા અંતર્ગત કાર્યક્રમોની ગુણવતા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને દેખરેખ રાખવી તથા તેમાં સતત સુધારણા કરવા પ્રયત્ન કરવા.
- અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ સિવાયના જે કર્મચારીઓ સંસ્થામાં તાલીમ લેતા હોય તેમના માહિતી આધારની જાળવણી કરવી અને અને આવી તાલીમને લક્ષમાં લઇને પત્રવ્યવહાર, મુલાકાતો, મુદ્રિત સામગ્રીની વહેચણી વગેરે દ્વારા અનુવર્તી પ્રવૃતિઓ હાથ ધરવી.
- જે શિક્ષકો તેમનું શિક્ષણ ચાલુ રાખવા ઇચ્છતા હોય તેમના માટે સંદર્ભ અને સહાય કેન્દ્ર તરીકેની સેવાઓ પુરી પાડવી.
- બધાં જ કાર્ય સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને તેના પરિણામોનો ફેલાવો કરવો.
- મકાનની અંદર હાથ ધરાતી કાર્ય-સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને તેના પરિણામોનો ફેલાવો કરવો.
- હાથ ધરાતાં હોય ત્યાં પ્રારંભિક શિક્ષણના ક્ષેત્રમાં અભ્યાસ સંશોધનો, નાવીન્ય વગેરેના પરિણામો અંગેની માહિતી માટે કિલયરીંગ હાઉસ તરીકે કામગીરી કરવી.
- નિયતકાલિક સમાચારપત્ર તથા સંસ્થાનું મુખપત્ર બહાર પાડી જિલ્લાની બધી જ પ્રારંભિક શાળાઓ/અશાલેય શિક્ષણ/પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મોકલી આપવાં.

❖ **<u>પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન શાખા (સી.એમ.ડી.ઇ. શાખા)</u>**

- હાલની બાબતોને સ્વીકારવી અને નીચેના પ્રકારની નવી બાબતો વિકસાવવી જેથી તે સ્થાનિક પરિસ્થિતિને અનુકૂલ થઇ શકે અને પ્રારંભિક શિક્ષણ અને પ્રારંભિક શિક્ષકોના શિક્ષણ કાર્યક્રમમાં તેનો ઉપયોગ થઇ શકે.
- પાઠયક્રમ એકમો સામાન્યપણે નિયત કરેલા પાઠયક્રમમાં વિવિધ વિષયોમાં ઉમેરો કરવા જિલ્લા કક્ષાએ સ્થાનિક રીતે સુસંગત એવો નવો એકમ વિકસાવી શકાય. આવાં એકમો

સ્થાનિક ભૂગોળ, લોકસાહિત્ય, દંતકથા, રિવાજો, વન, વનસ્પતિ, પ્રાણીજીવન, મેળાઓ અને ઉત્સવો, ભૂસ્તરશાષા, ખનિજો, કૃષિ, ઉદ્યોગ, સેવાઓ, વ્યવસાયો, લોકકલા, હસ્તકલા, સમૂહો અને આદિજાતિઓ, સંસ્થાઓ વગેરે સાથે સંબંધ ધરાવતા હોય.

- સામાન્ય તેમજ, ખાસ કરીને જિલ્લામાં આદિજાતિની વસ્તી વધારે હોય ત્યાં પહેલાં અને બીજા ધોરણના પ્રારંભિક વર્ગોમાં આદિજાતિઓની ભાષામાં સ્થાનિક રીતે વિકસાવેલ અભ્યાસક્રમ એકમોનું શિક્ષણ આપવું.
- નિરંતર અને એકંદર અધ્યેતા મૂલ્યાંકન માટેની તકનિક અને માર્ગદર્શન
- કસોટી, પ્રશ્નો બાબત બેંક, દર, માપ/અવલોકન, અનુસૂચિ, નિદાન કસોટી કાર્યક્રમો માટે માર્ગદર્શક સિધ્ધાંતો, પ્રતિભાખોજ પ્રક્રિયા વગેરે. અન્ય સંબંધિત વિદ્યાશાખાઓ, સંસ્થાઓ, તજજ્ઞ શિક્ષકો અને પ્રશિક્ષકોનો સહયોગ લઇને ઉપર મુજબના મોટાભાગના અનુકૂળ બનાવાયેલાં વિકાસના કામો.
- પ્રૌઢ અને અશાલેય શિક્ષણ માટે ઉપર્યુકત વિકાસ કામોમાં જિલ્લા સંશાધન  એકમને મદદરૂપ થવું.
- પ્રાથમિક અને ઉચ્ચ કક્ષા તથા રાષ્ટ્રીય સાક્ષરતા મિશન હેઠળ ખાસ કરીને અક્ષરજ્ઞાન લેનારાઓ માટે નિયત કે લઘુતમ કક્ષાના સંદર્ભમાં, શીખનારાઓની સીધી આકારણી કરવા માટે નમૂના આધારિત કસોટીઓ હાથ ધરવી.
- શીખનારા માટે મૂલ્યાંકનની વિશ્વસનીય અને અધિકૃત પદ્ધતિ દાખલ કરવામાં શૈક્ષણિક તંત્રો તથા પ્રારંભિક શાળા અશાલેય શિક્ષણ પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મદદ કરવી.
- અભ્યાસક્રમ, સામગ્રી વિકાસ અને મૂલ્યાંકનને લગતા સેવા અંતર્ગત કાર્યક્રમમાં હોય છે. એ મુજબ પણ ઉકત 1 માં દર્શાવેલા અનુરૂકૂળ બનાવેલ વિકસિત કરેલાં કામો માટે કાર્યશાળાનું સંચાલન કરવું.

❖ **<u>શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા (ઇ.ટી. શાખા)</u>**

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંબંધિત કર્મચારી વર્ગ અને અન્ય, સાધનરૂપ વ્યકિતઓના સહયોગથી પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણને લગતા વિવિધ વિષય/ક્ષેત્રો માટે સરળ, અસરકારક અને ઓછી કિંમતના શૈક્ષણિક સાધનો જેવા કે આલેખ, આકૃતિ, નમૂનાઓ, ફોટોગ્રાફ, સ્લાઇડ, શ્રવણ ટેપ, નાટકલેખન, ગીતો વગેરે વિકસાવવા.
- પ્રૌઢ અને અશાલેય શિક્ષણ માટે ઉપર મુજબના ઓછા ખર્ચના શૈક્ષણિક સાધનો- વિકસાવવામાં જિલ્લા સંશાધન એકમને મદદ કરવી.
    - નીચેની બાબતોની જાળવણી કરવી.
    - ભવનના બધા દશ્ય શ્રાવ્ય સાધનો /કમ્પ્યુટર પ્રયોગશાળા
    - ભવનમાં તેમજ સંસ્થા બહાર વિકસાવવામાં આવેલા સારા ઓછા ખર્ચના શૈક્ષણિક સાધનો માટે પ્રદર્શન સ્થળ .
- ભવન પાસે ચલચિત્ર દર્શાવવાનું ફિલ્મ પ્રોજેકટર હોય તો શિક્ષણ સંબંધી દશ્ય-શ્રાવ્ય કેસેટના ગ્રંથાલય.
- કેસેટ વગાડવાની અને ફિલ્મ બતાવવાની સૂવિધાવાળી સંસ્થાઓને સ્લાઇડ, કેસેટ, ફિલ્મ ઉછીના આપવા અને પ્રાપ્ત સ્થાનો પાસેથી તે ઉછીના મેળવવા.
- જિલ્લાની પ્રારંભિક શાળાના વિધાર્થીઓ પ્રૌઢ શિક્ષણ/અશાલેય શિક્ષણ મેળવનારા શિક્ષકો/પ્રશિક્ષકો વગેરે માટે શૈક્ષણિક પ્રસારણની વ્યવસ્થા કરવા નજીકના રેડિયો મથક સાથે સંપર્ક કરવો.
- નીચેની બાબતો પર ખાસ ભાર મૂકીને શૈક્ષણિક પ્રોદ્યૌગિકી ક્ષેત્રમાં શિક્ષકો માટે યોગ્ય સેવા- અંતર્ગત કાર્યક્રમોનું સંચાલન કરવું.
- શૈક્ષણિક પ્રસારણ, દૂરદર્શન પ્રસારણ, કેસેટ અને સહાયક સાધનોનો અસરકારક ઉપયોગ અને સરળ ઓછા ખર્ચાવાળા શેક્ષણિક સાધનોનો વિકાસ.

- ભવનના અન્ય બધાં જ કાર્યક્રમો/પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક પ્રૌદ્યોગિકીને લગતી માહિતી પૂરી પાડવી, જેવી કે શિક્ષકો માટે પૂર્વ સેવા અને સેવા-અંતર્ગત કાર્યક્રમો, અશાલેય શિક્ષણ/ પ્રૌઢ શિક્ષણના કર્મચારી વર્ગો માટે તાલીમ કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા પ્રવૃત્તિઓ, સામગ્રી વિકાસ, કાર્ય-સંશોધન વગેરે.

**4.0 મહેકમ**

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | પગારધોરણ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** | **8** |
| 1 | પ્રાચાર્ય | 1 | 15600-39100 | 01 | 00 | 01 | |
| 2 | સિનીયર લેકચરર | 2 | 9300-34800 | 07 | 06 | 01 | |
| 3 | જુનીયર લેકચરર | 3 | 9300-34800 | 16 | 12 | 04 | |
| 4 | ટેકનિશ્યન | 3 | 5200-20200 | 01 | 00 | 01 | |
| 5 | લાયબ્રેરીયન | 3 | 9300-34800 | 01 | 00 | 01 | |
| 6 | સિનિયર કલાર્ક (આંકડા) | 3 | 5200-20200 | 01 | 00 | 01 | |
| 7 | કોમ્પ્યુટર ઓપરેટર | 3 | 5200-20200 | 01 | 00 | 01 | |
| 8 | ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ | 3 | 9300-34800 | 01 | 01 | 00 | |
| 9 | મુખ્ય કારકુન એકાઉન્ટન્ટ | 3 | 9300-34800 | 01 | 01 | 00 | |
| 10 | મુખ્ય કારકુન | 3 | 9300-34800 | 01 | 01 | 00 | |
| 11 | સિનીયર કારકુન | 3 | 5200-20200 | 02 | 00 | 02 | |
| 12 | જુનીયર કારકુન | 3 | 5200-20200 | 02 | 02 | 00 | |
| 13 | રેકટર | 3 | 5200-20200 | 01 | 00 | 01 | |
| 14 | પટ્ટાવાળા | 4 | 4440-7400 | 03 | 03 | 00 | |
| 15 | ચોકીદાર | 4 | 4440-7400 | 01 | 01 | 00 | |
| | | | કુલ | **40** | **27** | **13** | |

**5.0 સ્ટાફ લિસ્ટ**

| ક્રમ | નામ | હોદ્દો | શાખા |
|---|---|---|---|
| 1 | શ્રી વૃજલાલ ઓ. કાચા | ઇ.ચા. પ્રાચાર્ય/ સિનીયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (હિન્દી) |
| 2 | શ્રીમતિ એમ. બી. રાવલ | સિનીયર લેકચરર | ઈ.ટી. |
| 3 | ડૉ. ઉમાબેન એમ. તન્ના | સિનીયર લેકચરર | ડબ્લ્યુ.ઇ. |
| 4 | ડૉ. સંજય એન. મહેતા | સિનીયર લેકચરર | પી. એન્ડ એમ. |
| 5 | શ્રીમતિ પ્રજ્ઞાબેન વી. રાદડીયા | સિનીયર લેકચરર | સી.એમ.ડી.ઇ. |
| 6 | ડૉ. નિશાતબેન એ. બાબી | સિનીયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 7 | શ્રીમતિ માધવીબેન ડી. શુકલ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (વિજ્ઞાન) |
| 8 | શ્રી લલિતભાઇ જે પુરોહિત | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (ગણિત) |
| 9 | શ્રી અરવિંદકુમાર ટી. પટેલ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (સમાજવિદ્યા) |
| 10 | શ્રી લાલજીભાઇ જે કણઝરિયા | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (ચિત્ર) |
| 11 | શ્રી પ્રવિણભાઇ વી. જાની | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (સંસ્કૃત) |
| 12 | શ્રીમતિ ભાવનાબેન પી. નકુમ | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (અંગ્રેજી) |
| 13 | શ્રીમતિ હેમાંગીબેન વી. તેરૈયા | જુનિયર લેકચરર | પી.એસ.ટી.ઈ. (પી.ટી) |
| 14 | ડાં. હમીરભાઇ એચ. કાતડ | જુનિયર લેકચરર | પી. એન્ડ એમ. |
| 15 | ડાં. ગંગાબેન કે. વાઘેલા | જુનિયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 16 | ડાં. પ્રશાંત એ. અંબાસણા | જુનિયર લેકચરર | આઈ.એફ.આઈ.સી. |
| 17 | કુ. દિપાલીબેન જે. વડગામા | જુનિયર લેકચરર | ડબલ્યુ.ઈ. |
| 18 | શ્રીમતિ સોનલબેન કે. ચૌહાણ | જુનિયર લેકચરર | ડી.આર.યુ. |
| 19 | શ્રીમતિ આર. બી. કથિરીયા | ઓડીટર ગ્રુપ – 1 | મહેકમ – 1 |
| 20 | શ્રીમતિ જયશ્રીબેન પી. દવે | મુખ્ય કારકુન | હિસાબી ખ - 1 |
| 21 | શ્રીમતિ ડી. સી. દુર્ગીયા | મુખ્ય કારકુન | મહેકમ – 2 |

| ક્રમ | નામ | હોદ્દો | શાખા |
|---|---|---|---|
| 22 | કુ. રિદ્ધિબેન એમ. રવિયા | જુનિયર કારકુન | તલમ-2/રજીસ્ટ્રી |
| 23 | શ્રી સિદ્ધરાજસિંહ વી. ઝાલા | જુનિયર કારકુન | હિસાબી - 3 |
| 24 | શ્રી જયસુખભાઇ આર. ધ્રાંગડ | પટ્ટાવાળા | NA |
| 25 | શ્રી ભાનુબેન આર. મારૂ | પટ્ટાવાળા | NA |
| 26 | શ્રીમતિ એલ. કે. ગોસાઇ | પટ્ટાવાળા | NA |
| 27 | શ્રી ખોડાભાઇ એચ. ગરણીયા | ચોકિદાર | NA |

## 6.0 લેબ એરિયાની માહિતી

ચાલુ વર્ષમાં લેબ એરિયા તરીકે જસદણ તાલુકો અને રાજકોટ નગર પાલિકા વિસ્તાર પસંદ કરેલ છે.

જસદણ

સાક્ષરતા દર

| પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| 78.66 | 59.85 | 61.40 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

રાજકોટ નગર પાલિકા

સાક્ષરતા દર

| પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|
| 91.35 | 83.60 | 87.64 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar

રાજકોટ જિલ્લા, ગુજરાત અને ભારતનો સાક્ષરતા દર

| | રાજકોટ | | | ગુજરાત | | | ભારત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| 2011 | 87.07 | 74.43 | 80.96 | 85.75 | 69.68 | 78.03 | 80.9 | 64.6 | 73.0 |

Source: census 2011, Census Gujarat, Gandhinagar & www.censusindia.gov.in

**7.0 સંલગ્ન સંસ્થાઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | એન.સી.ઇ.આર.ટી. | નવી દિલ્હી | 12 | તાલુકા વિકાસ અધિકારી કચેરી | રાજકોટ |
| 2 | એન.સી.ટી.ઇ | નવી દિલ્હી | 13 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | રાજકોટ |
| 3 | સી.સી.આર.ટી. | નવી દિલ્હી | 14 | પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર | રાજકોટ |
| 4 | આર.આઇ.ઇ. | ભોપાલ | 15 | નિરંતર શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ |
| 5 | એસ.એસ.એ.એમ. | ગાંધીનગર | 16 | જિલ્લાના બી.આર.સી. | રાજકોટ |
| 6 | જી.સી.ઇ.આર.ટી. | ગાંધીનગર | 17 | જિલ્લાના સી.આર.સી. | રાજકોટ |
| 7 | એસ.આઇ.ઇ.ટી. | અમદાવાદ | 18 | જિલ્લાની પ્રાથમિક શાળાઓ | રાજકોટ |
| 8 | એન.યુ.ઇ.પી.એ. | નવી દિલ્હી | 19 | શાળા વ્યવસ્થાપન સમિતિ | રાજકોટ |
| 9 | ગુજરાત રાજયના ડાયટ તમામ | - | 20 | જિલ્લાની શિક્ષણ સમિતિ | રાજકોટ |
| 10 | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ | 21 | જિલ્લાની શાસનાધિકારી કચેરી | રાજકોટ |
| 11 | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી | રાજકોટ | 22 | નહેરૂ યુવા કેન્દ્ર | રાજકોટ |

**રાજકોટ જિલ્લામાં આવેલી પી.ટી.સી. કોલેજોની વિગતો**

| ક્રમ | સંસ્થાનું નામ | ફોન નંબર | પ્રકાર | પુરૂષ | મહિલા | કુલ | કોડ નં. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ત્રિકોણ બાગ પાસે, જી. રાજકોટ-360001. | (0281) 2242140 | મહિલા | 00 | 50 | 50 | 17.001 |
| 2 | લોહાણા સ્થાપિત મહિલા અધ્યાપન મંદિર રેસકોર્સ સામે, જી. રાજકોટ-360001. | (0281) 2458466 2444439 | મહિલા | 00 | 100 | 100 | 17.002 |
| 3 | પી.ટી.સી. કોલેજ મુ. ભૂતવડ, તા. ધોરાજી. જી. રાજકોટ | 9426373026 | મિશ્ર | 50 | 50 | 100 | 17.005 |
| 4 | માતૃશ્રી વ્રજકુવરબેન બચુભાઈ મણવર પી.ટી.સી. કોલેજ, મુ. ડુમિયાણી, તા. ઉપલેટા. જી. રાજકોટ-360440 | (02826) 222223 | મિશ્ર | 50 | 50 | 100 | 17.006 |

## 8.0 જિલ્લા કક્ષાએ મોક ટેસ્ટ અને NAS સર્વેમાં ધોરણ અને વિષયવાર એકંદરે સરાસરી

રાજકોટ જિલ્લામાં મોક ટેસ્ટ અને NAS સર્વે દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ ધોરણવાર અને વિષયવાર મેળવેલ શૈક્ષણિક સિદ્ધિ તેમજ એકંદરે %માં ફેરફારની વિગત સારણીમાં વિગતવાર રજુ કરવામાં આવી છે .

**રાજકોટ જિલ્લામાં મોક ટેસ્ટ અને NAS સર્વેમાં ધોરણવાર અને વિષયવાર વિદ્યાર્થીઓની સંખ્યા ,સરાસરી અને સરાસરી તફાવત**

| ક્રમ | ધોરણ | વિષય | કુલ વિદ્યાર્થી મોક ટેસ્ટ 1 | સરાસરી % | કુલ વિદ્યાર્થી NAS | સરાસરી % | તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | ગુજરાતી | 1665 | 54.92 | 1328 | 73.61 | 18.69 |
| 2 | | પર્યાવરણ | 1665 | 46.29 | 1328 | 69.06 | 22.77 |
| 3 | | ગણિત | 1665 | 43.69 | 1328 | 65.88 | 22.19 |
| 4 | 5 | ગુજરાતી | 1844 | 41.71 | 1329 | 59.33 | 17.62 |
| 5 | | પર્યાવરણ | 1844 | 43.59 | 1329 | 59.12 | 21.77 |
| 6 | | ગણિત | 1844 | 37.75 | 1329 | 59.52 | 21.77 |
| 7 | 8 | ગુજરાતી | 1753 | 48.28 | 1143 | 62.96 | 14.68 |
| 8 | | ગણિત | 1753 | 35.08 | 1143 | 43.93 | 8.85 |
| 9 | | વિ. ટેક. | 1753 | 42.93 | 1143 | 47.67 | 4.74 |
| 10 | | સા. વિ. | 1753 | 41.21 | 1143 | 51.17 | 9.96 |

**જિલ્લા કક્ષાએ મોક ટેસ્ટ અને NAS સર્વેમાં ધોરણ અને વિષયવાર એકંદરે સરાસરી**

મોરબી જિલ્લામાં મોક ટેસ્ટ અને NAS સર્વે દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ ધોરણવાર અને વિષયવાર મેળવેલ શૈક્ષણિક સિદ્ધિ તેમજ એકંદરે %માં ફેરફારની વિગત સારણીમાં વિગતવાર રજુ કરવામાં આવી છે .

**મોરબી જિલ્લામાં મોક ટેસ્ટ અને NAS સર્વેમાં ધોરણવાર અને વિષયવાર વિદ્યાર્થીઓની સંખ્યા ,સરાસરી અને સરાસરી તફાવત**

| ક્રમ | ધોરણ | વિષય | કુલ વિદ્યાર્થી મોક ટેસ્ટ 1 | સરાસરી % | કુલ વિદ્યાર્થી NAS | સરાસરી % | તફાવત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | ગુજરાતી | 1680 | 52.65 | 1356 | 69.88 | 17.23 |
| 2 | | પર્યાવરણ | 1680 | 43.56 | 1356 | 63.90 | 20.34 |
| 3 | | ગણિત | 1680 | 41.25 | 1356 | 61.82 | 20.57 |
| 4 | 5 | ગુજરાતી | 1724 | 53.59 | 1339 | 56.81 | 3.22 |
| 5 | | પર્યાવરણ | 1724 | 58.98 | 1339 | 55.45 | 3.53 |
| 6 | | ગણિત | 1724 | 44.43 | 1339 | 55.55 | 11.12 |
| 7 | 8 | ગુજરાતી | 1753 | 48.28 | 1161 | 61.80 | 13.52 |
| 8 | | ગણિત | 1753 | 35.08 | 1161 | 47.70 | 12.62 |
| 9 | | વિ. ટેક. | 1753 | 42.93 | 1161 | 50.76 | 7.83 |
| 10 | | સા. વિ. | 1753 | 41.21 | 1161 | 51.13 | 9.92 |

## 9.0 કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.)

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઇ.આર.ટી), ગાંધીનગર પ્રેરિત અને ડાયેટ ગાઇડ લાઇન મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવતા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે.જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃતિઓની સમગ્ર શ્રેણીના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) ની રચના કરવામાં આવી છે. આ સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળે છે. આ સમિતિઓના સભ્યશ્રીઓના માર્ગદર્શક સૂચનો મેળવીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

કાર્યક્રમ સલાહકાર સમિતિ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/1093/2826/ન, સચિવાલય, ગાંધીનગર તા. 29-10-1993 થી અમલમાં આવી. પરંતુ શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ જશભ/12/2013/891335/ન. સચિવાલય, ગાંધીનગર, તા.15-01-2014 થી પુનઃ રચના કરવામાં આવેલ છે.

❖ **કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) ના હેતુઓ :-**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે મળતી કાર્યક્રમ સલાહકાર સમિતિનાં હેતુઓ :-

- આ સમિતિ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં કાર્યક્રમો ધડવામાં સલાહ આપશે. સને 1989ની ગાઇડલાઇનની ભલામણ મુજબ પીએસી ડાયેટસની પ્રવૃત્તિના પ્રોગ્રામો તૈયાર કરી તેમાં સલાહ સૂચનો અને માર્ગદર્શન આપવા તથા પરસ્પેકટીવ એન્ડ એન્યુઅલ પ્લાન તૈયાર કરવા જેવી બાબતોમાં મદદરૂપ થશે.

❖ **કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી.) નાં કાર્યો :-**

કાર્યક્રમ સલાહકાર સમિતિ  (પી.એ.સી.) ના કાર્યો નીચે મુજબ છે.

- Sharing the results of Gunotsav programme and improving the quality level.

- District focus in programmes and activities
- Coordination among institutions
- Promoting innovations
- Ensuring that the States Education Plans are adequately reflected within the district plans
- Efficient use of resources and personal to address education quality and teacher education requirements of the District.
- Gunotsav and Monitoring of District level implementation as per the R.T.E. Act – 2009, Article No. 29.

**કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી) બેઠક**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની આયોજન અને વ્યવસ્થાપન શાખા દ્વારા કાર્યક્રમ સલાહકાર સમિતિ (PAC) ની બેઠક તા. 12-09-2017 નાં રોજ સવારનાં 11.30 કલાકે કલેકટર કચેરી, રાજકોટ ખાતે માનનીય કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે સાહેબશ્રીનાં અધ્યક્ષ સ્થાને અને માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી જી. ટી. પંડયા સાહેબશ્રીનાં સહ-અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતી. આ બેઠકમાં એજન્ડા મુજબ નીચે પ્રમાણે ચર્ચા કરવામાં આવી.

- ડાયટ, રાજકોટનાં પ્રાચાર્યશ્રી ડૉ. ચેતનાબેન સી. વ્યાસ દ્વારા માનનીય કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે સાહેબશ્રી, માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી જી. ટી. પંડયા સાહેબશ્રી અને તમામ સભ્યશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ તેમજ ડાયટની શાખા દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે માહિતી આપવામાં આવી.
- બેઠકનાં એજન્ડા મુજબ દરેક મુદ્દાની વિગતવાર રજૂઆત કરવામાં આવી. જેમાં ડાયટ, રાજકોટ દ્વારા વર્ષઃ 2016-17 માં વિવિધ યોજના અંતર્ગત કરવામાં આવેલ  કામગીરીથી વાકેફ કરવામાં આવેલ.

- ડાયટ, રાજકોટ દ્વારા વર્ષઃ 2016-17 માં કરેલ નોંધપાત્ર સિદ્ધિથી પણ વાકેફ કરવામાં આવેલ. જેમાં મિત્રશાળાનું ગુણોત્સવ – 7 અંતર્ગત મળેલ પરિણામ, ડી.એલ.એડ્. પરિણામ, વર્ચ્યુઅલ કલાસરૂમ, ઇનોવેશન વગેરેની ચર્ચા કરવામાં આવી.
- ડાયટ, રાજકોટ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધી થયેલ કાર્યક્રમોની અને આગામી સમયમાં થનાર કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી.
- શિક્ષકો દ્વારા જે કંઇ ઇનોવેટીવ કામ થાય છે તે શૈક્ષણિક સહ વર્ગખંડમાં ઉપયોગી બને તે અને શિક્ષકોનું તે પ્રત્યેનું વલણ વધે તે ખૂબ જ જરૂરી છે. આ બાબતનું સૂચન માનનીય કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે સાહેબશ્રી દ્વારા કરવામાં આવેલ. શિક્ષકો માઇન્ડ સેટ, મોટીવેશનથી શિક્ષણમાં સુધાર લાવે તે ખૂબ જરૂરી છે. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અપ લાવવા માટે અન્ય રાજ્ય/દેશનાં શિક્ષણની તાસીરનો અભ્યાસ કરી તે પ્રકારનાં પ્રયત્નો કરવા બાબતે પણ માનનીય કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે સાહેબશ્રી દ્વારા સૂચન કરવામાં આવેલ.
- ગુજરાતી ભાષા શિક્ષણની શાળા કક્ષાએ અસરકારકતા વધે અને વિદ્યાર્થીઓ સારુ પરિણામ લાવી શકે તે માટેનાં પ્રયત્નો પણ વધારવા પડે, તેવું સૂચન ડૉ. રમેશભાઇ ભાયાણી, નિયામકશ્રી, પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ દ્વારા કરવામાં આવેલ.

આમ, એજન્ડાનાં તમામ મુદ્દાઓની વિસ્તૃત છણાવટ ડૉ. સંજય મહેતા, સિનીયર લેકચરર અને શ્રી એચ. એચ. કાતડ, લેકચરર, પી. એન્ડ એમ. શાખા, ડાયટ, રાજકોટ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી.

અંતમા, ડૉ. ચેતનાબેન સી. વ્યાસ, પ્રાચાર્યશ્રી, ડાયટ, રાજકોટ દ્વારા માનનીય કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે સાહેબશ્રી, માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી જી. ટી. પંડયા સાહેબશ્રી અને તમામ સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

## 10.0 કાર્યક્રમ/તાલીમ/પ્રવૃત્તિ

- **ડોકયુમેન્ટ – વાર્ષિક અહેવાલ વર્ષઃ 2019-20**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા વર્ષઃ 2019-20માં શાખા વાઇઝ/ફંકશન વાઇઝ થયેલ કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનો સમાવેશ અહેવાલમાં કરવામાં આવેલ છે. જેમાં સેવાકાલીન તાલીમ, ઇડીએન તાલીમ, બાળમેળા, કલા ઉત્સવ, રમતોત્સવ, ઇકો કલબ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, પીએસી બેઠક, જી-સ્લેસ અંતર્ગત થયેલ કામગીરી, સ્થાનિક સાહિત્ય નિર્માણ, જેન્ડર સેન્સીટાઇઝેશન, વસતિ શિક્ષણ, NISHTHA તાલીમ, પ્રશ્નબેંક, મુખ્ય શિક્ષક તાલીમ, સંશોધન તેમજ પ્રિ-સર્વીસ કાર્યક્રમ અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- **ડોકયુમેન્ટ – ગુજરાતી વાર્ષિક આયોજન વર્ષઃ 2020-21**

સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કાર્યોમાં વિવિધતા આવી છે. ડાયટ દ્વારા જિલ્લા કક્ષાએ પ્રિ-પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી તાલીમની કામગીરી કરવાની થાય છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટનો એન્યુઅલ વર્કપ્લાન 2020-21 તૈયાર કરવામાં આવેલ. જેમાં ટ્રેનીંગ પ્રોગ્રામ, સંશોધન કાર્યક્રમ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ હતો અને ફંકશનવાઇઝ પ્રોગ્રામ તેમજ બજેટ સમરીનો સમાવેશ કરવામાં આવેલ.

આ આયોજનમાં વર્ચુયલ કલાસરૂમ અવેરનેશ, સ્થાનિક સાહિત્ય શેરીંગ વર્કશોપ, સોફ્ટ મટીરીયલનો ઉપયોગ, સંશોધન સારાંશ શેરીંગ વર્કશોપ, NAS કઠિનબિંદુ આધારિત તાલીમ, જીવન કૌશલ્ય આધારિત બાળમેળા તાલીમ, નવા પાઠ્યપુસ્તકની તાલીમ, વિજ્ઞાન પ્રયોગો નિદર્શન તાલીમ, ઇકો કલબ, બાળમેળા, રમતોત્સવ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન, આંતર માનવીય સંબંધોનું વ્યવસ્થાપન, NISHTHA તાલીમ, ક્રિયાત્મક સંશોધન, વિજ્ઞાન પ્રયોગ કીટ તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ અને ફીલ્ડ વિઝીટને લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો.

આ આયોજન Need based, Research based અને Area based આધારિત હતું. આ આયોજનમાં લેબ એરિયા આધારીત તાલીમ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ. આ આયોજન Participatory Planning Process દ્વારા તૈયાર કરવામાં આવેલ. છેવાડાના ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોને આ આયોજનનો લાભ મળે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ હતું. આ આયોજનમાં જિલ્લાની ડિસ્ટ્રીક પ્રોફાઇલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય, લેબ એરિયાની માહિતી, રાજકોટ જિલ્લાની શૈક્ષણિક સિદ્ધિ, ફંકશન વાઇઝ તાલીમ કાર્યક્રમોની માહિતી, ભવનની શાખાઓના કાર્યો, તાલીમાર્થીઓની સંખ્યા, તજજ્ઞની સંખ્યા અને અંદાજીત ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ હતો.

- **ડોકયુમેન્ટ – ગુજરાતી રીવાઇઝ્ડ વાર્ષિક આયોજન વર્ષઃ 2020-21**

TEAB માં માન્ય થયેલ સીલીંગને આધારે જીસીઇઆરટી દ્વારા મળેલ સૂચના અન્વયે ડાયટનો રીવાઇઝ્ડ વાર્ષિક આયોજન તૈયાર કરવામાં આવેલ. જેમાં અગાઉ તૈયાર કરવામાં આવેલ વાર્ષિક આયોજનમાં અગત્યનાં કરવા લાયક તાલીમનો સમાવેશ કરવામાં આવેલ અને તે મુજબ તેમાં બજેટ ફાળવવામાં આવેલ. સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં કાર્યોમાં વિવિધતા આવી છે. આમ, ટ્રેનીંગ પ્રોગ્રામ, સંશોધન કાર્યક્રમ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ હતો અને ફંકશનવાઇઝ પ્રોગ્રામ તેમજ બજેટ સમરીનો સમાવેશ કરવામાં આવેલ.

આ આયોજનમાં વર્ચ્યુયલ કલાસરૂમ અવેરનેશ, સ્થાનિક સાહિત્ય શેરીંગ વર્કશોપ, સોફ્ટ મટીરીયલનો ઉપયોગ, સંશોધન સારાંશ શેરીંગ વર્કશોપ, NAS કઠિનબિંદુ આધારિત તાલીમ, જીવન કૌશલ્ય આધારિત બાળમેળા તાલીમ, નવા પાઠ્યપુસ્તકની તાલીમ, વિજ્ઞાન પ્રયોગો નિદર્શન તાલીમ, ઇકો કલબ, બાળમેળા, રમતોત્સવ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન, આંતર માનવીય સંબંધોનું વ્યવસ્થાપન, NISHTHA તાલીમ, ક્રિયાત્મક સંશોધન, વિજ્ઞાન પ્રયોગ કીટ તેમજ ફેકલ્ટી ડેવલોપમેન્ટ અંતર્ગત તાલીમ અને ફીલ્ડ વિઝીટને લગતી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો.

આ આયોજન Need based, Research based અને Area based આધારિત હતું. આ આયોજનમાં લેબ એરિયા આધારીત તાલીમ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ. આ આયોજન Participatory Planning Process દ્વારા તૈયાર કરવામાં આવેલ. છેવાડાના ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોને આ આયોજનનો લાભ મળે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ હતું. આ આયોજનમાં જિલ્લાની ડિસ્ટ્રીક પ્રોફાઇલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પરિચય, લેબ એરિયાની માહિતી, રાજકોટ જિલ્લાની શૈક્ષણિક સિદ્ધિ, ફંકશન વાઇઝ તાલીમ કાર્યક્રમોની માહિતી, ભવનની શાખાઓના કાર્યો, તાલીમાર્થીઓની સંખ્યા, તજજ્ઞની સંખ્યા અને અંદાજીત ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ હતો.

- **NISHTHA તાલીમ અન્વયે ICT મોડ્યુલ ભાવાનુવાદ**

સમગ્ર ગુજરાત રાજ્યના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ONLINE તાલીમનું આયોજન GCERT – ગાંધીનગર દ્વારા કરવામાં આવવાનું હોય તેના ભાગરૂપે શિક્ષણમાં ICT (INFORMATION & COMMUNICATION TECHNOLOGY) મોડ્યુલની સમજ વિકસે તે માટે ICT મોડ્યુલનું ભાવાનુવાદ કાર્યશાળાનું આયોજન ડાયેટ – રાજકોટ દ્વારા કરવામાં આવેલ. જેમાં સમગ્ર વિષયવસ્તુનું ભાવાનુવાદ તેમજ આપેલ સ્ક્રીપ્ટ આધારિત વિડીયો તૈયાર કરવામાં આવેલ. આ ઉપરાંત મોડયુલમાં આપેલ પ્રવૃત્તિઓ તેમજ સોફ્ટવેરની સમજ પણ ચાર્ટ સ્વરૂપે અંગ્રેજી વિષયના શિક્ષકો તેમજ તજજ્ઞોના સહયોગથી તૈયાર કરવામાં આવેલ. આમ, ICT આધારિત મોડ્યુલ શિક્ષકોને વધુ ઉપયોગી નીવડે તેમજ તાલીમમાં દરમિયાન તે બાબતની સમજ વિકસે તે હેતુને લક્ષમાં રાખીને ICT ભાવાનુવાદ ઓનલાઇન કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું.

- **DIKSHA Portal અન્વયે ઓનલાઇન કોર્સ**

COVID-19 મહામારીને કારણે ચાલુ શૈક્ષણિક વર્ષથી શાળા કક્ષાએ બાળકોને અનઅધ્યયન હોવાને કારણે તેમજ તાલીમ કાર્યક્રમ ઓનલાઇન મોડ પર કરવાનાં હોવાને કારણે જીસીઇઆરટી દ્વારા વિવિધ વિષયોને અનુરૂપ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક

શાળાનાં શિક્ષકો માટે ઓનલાઇન કોર્સીસ તૈયાર કરવામાં આવેલ. આ કોર્સમાં વધુમાં વધુ શિક્ષકો જોડાઇ અને જિલ્લા કક્ષાએ તેઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ડાયટનાં તમામ અધ્યાપકશ્રીઓ જે તે કોર્સનાં કો-ઓર્ડીનેટર તરીકે જોડાયેલ અને કોર્સમાં જોડાયેલ શિક્ષકોને સમયાંતરે માર્ગદર્શન આપવામાં આવેલ. વધુમાં વધુ શિક્ષકો આ કોર્સમાં જોડાય તે બાબતે પ્રયત્નો કરવામાં આવેલ. સાથોસાથ ડાયટનાં અધ્યાપકશ્રીઓ પણ સંબંધિત ઓનલાઇન કોર્સમાં જોડાયેલ.

- **ઓનલાઇન તાલીમ મોનીટરીંગ**

જીસીઇઆરટી દ્વારા DIKSHA Portal પર મુકવામાં આવેલ વિવિધ ઓનલાઇન કોર્સમાં જે શિક્ષકો DIKSHA App માં જોડાયેલ ન હતાં, તેઓ માટે વંદે ગુજરાત ચેનલ દ્વારા ઓનલાઇન કોર્સનું પ્રસારણ કરવામાં આવેલ. આ ઓનલાઇન તાલીમમાં શિક્ષકો જોડાઇ અને તાલીમ યોગ્ય રીતે લઇ શકે તેમજ તેઓને માર્ગદર્શન મળે તે આશયથી અધ્યાપક દ્વારા આ તાલીમનું મોનીટરીંગ કરવામાં આવેલ. જેની માહિતી ગુગલ ફોર્મમાં સબમીટ કરવામાં આવેલ.

- **Home Learning**

જીસીઇઆરટી દ્વારા શાળાનાં બાળકો માટે હોમલર્નીગ અન્વયે સાહિત્ય તૈયાર કરવામાં આવેલ. જે શાળા કક્ષાએથી શિક્ષકોએ બાળકોને મોકલવાનું થતુ હતું. જે સાહિત્ય બાળકો દ્વારા યોગ્ય ઉપયોગ થાય જે કે નહિ તે જાણવાનાં હેતુથી ડાયટનાં અધ્યાપકશ્રીઓ દ્વારા સમયાંતરે મોનીટરીંગ કરવામાં આવેલ. આ અન્વયે શિક્ષકો અને બાળકોને તેમનાં ઘરે જઇ માર્ગદર્શન આપવામાં આવેલ.

- **ઓનલાઇન વેબીનાર/તાલીમ/મીટીંગ**

જીસીઇઆરટી દ્વારા સમયાંતરે આયોજિત ઓનલાઇન વેબીનારમાં ડાયટનાં અધ્યાપકશ્રીઓ જોડાયેલ અને માહિતગાર થયેલ. આ ઉપરાંત સંશોધન કાર્ય અન્વયે પ્રેઝન્ટેશન કરવામાં પણ આવેલ. આ ઉપરાંત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે સૌરાષ્ટ્ર યુનિર્વસિટી, ચિલ્ડ્રન

યુનિર્વસિટી, આઇ.આઇ.ટી.ઇ., ભાવનગર યુનિર્વસિટી વગેરે દ્વારા આયોજિત ઓનલાઇન વેબીનારમાં પણ અધ્યાપકશ્રીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ. જે કાર્યક્રમો આ મુજબનાં હતાં. શૈક્ષણિક સંશોધન, સ્વાસ્થ્ય સંબંધી જાગૃતતા, યોગ અને સ્વાસ્થ્ય વગેરે.

- **સર્ટીફીકેટ કોર્ષ ઓફ નામાના મૂળતત્વો સાહિત્ય નિર્માણ વર્કશોપ**

  જી.સી.ઈ.આર.ટી. કચેરી – ગાંધીનગર દ્વારા ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો માટે સર્ટીફીકેટ કોર્ષ ઓફ નામાના મૂળતત્વો શરૂ કરવાની સૂચના મળેલ. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટને સર્ટીફીકેટ કોર્ષ ઓફ નામાના મૂળતત્વો અંતર્ગત નામાના મૂળતત્વોની સંકલ્પના પારિભાષિક શબ્દોની સમજ પ્રકરણ – 1 અંગે સાહિત્ય નિર્માણ કરવા માટે 21-07-2020 થી 09-09-2020 દરમિયાન કુલ ૦૫ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં અત્રેની ક્ચેરીના ડો. કાતડ સાહેબ, તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગરના વ્યાખ્યાતાશ્રી વિજયભાઈ સુરેલિયા દ્વારા તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલ. સદર કામગીરીમાં શિક્ષકોનો સહયોગ મેળવવામાં આવ્યો હતો. નામાના મૂળતત્વોની સંકલ્પના પારિભાષિક શબ્દોની સમજ પ્રકરણમાં કુલ ૩૨ વિડીયો તૈયાર કરવામાં આવેલ. જેનો રિવ્યુ કરી જરૂરી ફેરફાર કરવામાં આવ્યો હતો. તૈયાર કરવામાં આવેલ સાહિત્ય જી.સી.ઈ.આર.ટી. કચેરી – ગાંધીનગરને LINK દ્વારા મોકવામાં આવેલ.

- **ઇનોવેશન શેરિંગ વર્કશોપ**

  જી.સી.ઈ.આર.ટી. કચેરી – ગાંધીનગર દ્વારા શિક્ષણમાં નવાચાર એટલે કે ઇનોવેશન ફેર અન્વયે શિક્ષકોએ લોકડાઉનના સમય દરમિયાન બાળકો માટે કરેલ નવતર પ્રયોગ ચકાસવા રાજકોટ જિલ્લાના રાજકોટએમ પડધરી ઉપલેટા અને જસદણ તાલુકાઓના શિક્ષકો સાથે વાર્તાલાપ કરવામાં આવેલ. જેમાં બો.આર.સી. કો ઓર્ડિનેટરશ્રીના સહયોગ સાથે કુલ ૦૪ ઓનલાઇન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં અત્રેની ક્ચેરીના ડો. નિશાતબેન બાબી DIC કો ઓર્ડિનેટરશ્રી દ્વારા રિવ્યુ મેળવવામાં આવેલ.

- **ધોરણ 3 થી 5 ગણિત DIKSHA અંતર્ગત ENERGIZED TEXTBOOK માં રહેલ QR Code ના વિડિયો નિમાર્ણ વર્કશોપ**

GCERT ગાંધીનગર દ્વારા ડાયેટ રાજકોટના ict વિભાગને DIKSHA ધોરણ 3 થી 5 ગણિત ETB (Energized Textbook) QR કોડ લિંકના વિડિયો તૈયાર કરવાનું કાર્ય સોંપવામાં આવેલ. તે અંતર્ગત તા. 22-09-2020 ના રોજ આ વર્કશોપ માટેની પ્રથમ બેઠક કરવામાં આવી. જેમાં ડાયેટ રાજકોટના સિનિયર લેક્ચરર શ્રી મિનાક્ષીબેન રાવલ દ્વારા DIKSHA ધોરણ 3 થી 5 ગણિત QR કોડ લિંકના વિડિયો બનાવવા અંગેની માહિતિ આપવામાં આવી. જેમાં વિષયના કન્ટેન્ટની અગત્યતા તેમજ તે કન્ટેન્ટને એવી રીતે રજુ કરવું કે જેથી બાળકો જોયફુલ લર્નિંગ કરી શકે તેમજ તેની PPT કઈ રીતે બનવવી તેની વિસ્તૃત માહિતિ આપવામાં આપી. ત્યારબાદ ડાયેટના ગણિત વિષયના લેક્ચરર શ્રી  એલ. જે. પુરોહિત સાહેબ તથા ડો. સંજયભાઇ મહેતા દ્વારા ગણિત વિષય અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત દિપાલીબેન વડગામા દ્વારા ppt બનાવવા માટે તેમજ તેના ફોન્ટ, કલર, ભાષાશુદ્ધિ, એનિમેશન વગેરેનું ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ વર્કશોપમાં ગણિત વિષયના રાજકોટના 10 SRG ઉપસ્થિત રહ્યા હતા. તેમને ફાળવવામાં આવેલ વિડિયો .કેવી રીતે તૈયાર કરવા તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું.ક્યુઆર કોડના વિડીઓનું રેકોર્ડિંગ રાજકોટમાં આવેલ લર્નિંગ ડીલાઇટ સ્ટુડિયોમાં કરવામાં આવ્યું. આમ, જુદા જુદા ચાર તબક્કે આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું.

- **રાજકોટ જિલ્લા કેળવણી ઇતિહાસ અંતર્ગત જિલ્લા સમિતિના સભ્યોની બેઠક**

જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા જિલ્લા સ્થાનિક સંદર્ભ સાહિત્ય અંતર્ગત 100 વર્ષ જૂની શિક્ષણની સંસ્થા હોય તેનો પરિચય અને ઈતિહાસનું કલેક્શન કરાવવા અને તેને આધારે જિલ્લાના  કેળવણીના ઈતિહાસની બુક તૈયાર કરાવવા જિલ્લા કક્ષાએ એક સમિતિની રચના કરવામાં આવેલ છે જેમાં પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ, પૂર્વ અધ્યક્ષ

ઇતિહાસ વિભાગ સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ, ભાષા & શિક્ષણવિદ્દ નિવૃત્ત પ્રોફેસર શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ. યુનિ. રાજકોટ. અધ્યક્ષ ગુજરાતી વિભાગ શ્રી કે.ઓ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધોરાજી જેવા હોદ્દા ધરાવતા 16 સભ્યોની સમિતિ બનાવવામાં આવેલ છે આ અંતર્ગત ફોર્મેટ અને માર્ગદર્શન હેતુ એક બેઠકનું આયોજન તા: 12-06-2020 ના રોજ જિલ્લા શિક્ષણ અને  તાલીમ ભવન, રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું જેમાં 16 માંથી 14 સભ્યોએ હાજરી આપેલ હતી અને ૩ કલાક આ અંગે ચર્ચા ત્યાર બાદ કઇ રીતે કાર્ય કરવું તેનું આયોજન કરવામાં   આવેલ હતું.

- **મોરબી જિલ્લા કેળવણી ઇતિહાસ અંતર્ગત જિલ્લા સમિતિના સભ્યોની બેઠક**

સ્થાનિક સંદર્ભ સાહિત્ય અંતર્ગત મોરબી જિલ્લાની 100 વર્ષ જૂની શિક્ષણની સંસ્થા હોય તેનો પરિચય અને ઈતિહાસનું કલેક્શન કરાવવા અને તેને આધારે જિલ્લાના  કેળવણીના ઈતિહાસની બુક તૈયાર કરાવવા જિલ્લા કક્ષાએ એક સમિતિની રચના કરવામાં આવેલ છે જેમાં પ્રાચાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મોરબી જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી, મોરબી નિવૃત્ત પ્રો. શ્રી લોકભારતી સણોસરા, પ્રો. શ્રી પી.જી. પટેલ, મોરબી, ભાષા & શિક્ષણવિદ્દ અધિકારીશ્રી, માહિતિ ખાતું, મોરબી, પ્રો. જે. પટેલ મહિલા કોલેજ, મોરબી જેવા હોદ્દા ધરાવતા 18 સભ્યોની સમિતિ બનાવવામાં આવેલ છે આ અંતર્ગત ફોર્મેટ અને માર્ગદર્શન હેતુ એક બેઠકનું આયોજન તા: 2-7-2020 ના રોજ કરવામાં આવેલ હતું જેમાં 18 માંથી 14 સભ્યોએ હાજરી આપેલ હતી અને ૩ કલાક આ અંગે ચર્ચા ત્યાર બાદ કઇ રીતે કાર્ય કરવું તેનું આયોજન કરવામાં આવેલ હતું.

- **શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન રિવ્યુ & ફિડબેક કાર્યશાળા**

વર્ષ-2011 થી અભ્યાસક્રમ બદલાયેલ છે અને જેના સંદર્ભે શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની શરૂઆત તમામ શાળાઓમાં કરવામાં આવેલ. વર્ષ:૨૦૧૭ થી NCERT મુજબ પાઠ્યક્રમ અને અભ્યાસક્રમમાં બદલાવ આવેલ છે પ્રવર્તમાન સંજોગોમાં વિદ્યાર્થીઓને NAS, PISA જેવી ટેસ્ટ માટે તૈયાર કરવા આવશ્યક છે આ સંદર્ભે મૂલ્યાકનમાં જરુરી ફેરફાર કરવા માટે

જીસીઇઆરટી, ગાંધીનગરનાં ઉપરોક્ત પત્ર અંતર્ગત આ મુજબની એક કાર્યશાળાનું આયોજન તા: 21-7-2020 ના રોજ  કરવામાં આવેલ હતું જેમાં 29 તાલીમાર્થી હાજર રહ્યા હતા અને એસ.સી. ઇ. ના તમામ પત્રકો વિશે રિવ્યુ કરવામાં આવેલ હતા આઅ રિવ્યુ માટે એક ગુગલ ફોર્મ પણ ડેવલોપ કરવામાં આવ્યું હતું જેમાં 450 આચાર્ય/ શિક્ષકોના રિવ્યુ પ્રાપ્ત થયેલ હતા અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેની તસવીરની ઝલક આપવામાં આવેલ છે.

- **ગુજરાત ગૌરવ દિવસની સ્પર્ધાઓ**

રાજ્ય સરકાર દ્વારા 1 મે ગુજરાત સ્થાપના દિવસ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે "કોરોના વોરિયર્સ" વિષય પર ચિત્ર, કવિતા લેખન અને નિબંધની સ્પર્ધા જાહેર કરેલ હતી. આ સ્પર્ધા બે તબક્કામાં હતી. પ્રથમ તબક્કો જિલ્લાકક્ષાનો હતો. જેમાં દરેક સ્પર્ધાના વિભાગવાર પ્રથમ ત્રણ વિજેતાઓની કૃતિ પસંદ કરીને રાજ્યકક્ષાના દ્વિતીય તબક્કામાં મોકલવાની હતી. આ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ જે તે જિલ્લામાં ઇમેઇલ અથવા રૂબરૂમાં જમા કરાવી હતી. જિલ્લાકક્ષાની આ કૃતિઓના મૂલ્યાંકનનું કાર્ય ડાયટે કરવાનું હતું.

રાજકોટ જિલ્લા અને મોરબી જિલ્લામાં આવેલ તમામ કૃતિઓનું મૂલ્યાંકન કાર્ય કરવા માટે ડાયટ રાજકોટ તેમજ હળવદ ખાતે 14/5/2020 થી 30/5/2020 દરમિયાન મૂલ્યાંકન વર્કશોપ યોજવામાં આવેલ. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં ચિત્ર, કવિતા અને નિબંધ માટેના Expertsની કુલ 14 ટીમ બનાવવામાં આવેલ હતી. કુલ 45 તજ્જ્ઞોએ કૃતિઓ તારવવા સ્ક્રૂટીનીના બે રાઉન્ડ કરેલ હતા. જેમાં પ્રથમ સ્ક્રૂટીનીમાં વિષયવસ્તુ આધારિત કૃતિઓને તારવવામાં આવી. બીજા સ્ક્રૂટીની રાઉન્ડમાં ટીમે સાથે મળીને દરેક કૃતિને ચેક કરી 100 માંથી ગુણાંકન કરીને 50 - 60 અને તે ગુણથી ઉપર ગુણ મેળવનાર કૃતિઓ તારવી હતી. છેલ્લો રાઉન્ડ ગુણાંકનનો હતો. જેમાં ટીમના ત્રણેય નિર્ણાયકોએ 4/5 માપદંડના આધારે પસંદિત કૃતિઓનું વ્યક્તિગત ગુણાંકનપત્રક ભરીને એકંદર ૩૦૦ ગુણનું ગુણાંકનપત્રક તૈયાર કરેલ હતું. દરેક

વિભાગમાં સ્પર્ધાવાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરવાળી કૃતિઓ તારવેલ હતી. જે કૃતિને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે જિલ્લામાંથી નોમીનેટ કરાયેલ હતી. રાજકોટ જિલ્લામાંથી કુલ 7449 સ્પર્ધકો અને મોરબી જિલ્લામાંથી કુલ 4831 સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. નિર્ણાયકશ્રીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવેલ હતા.

- **ગુજરાત ગૌરવ દિવસ જિલ્લાકક્ષાનું ઇનામ વિતરણ**

  રાજ્ય સરકાર દ્વારા 1 મે ગુજરાત સ્થાપના દિવસ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે ''કોરોના વોરિયર્સ'' વિષય પર યોજવામાં આવેલ ચિત્ર, કવિતા લેખન અને નિબંધની સ્પર્ધાના વિભાગવાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ક્રમશઃ 15000/- રૂ., 11000/- રૂ. તેમજ 5000/- રૂ.ના ઇનામથી પુરસ્કૃત કરવામાં આવેલ હતા. પ્રાથમિક વિભાગના વિજેતાઓના ઇનામના ચેક ગુજરાત રાજ્ય પા.પુ. મંડળ દ્વારા તેમજ માધ્યમિક વિભાગના વિજેતાઓના ઇનામના DD માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ઓલ હતા. જેનું વિતરણ ડાયટ રાજકોટ દ્વારા કરવામાં આવેલ હતું.

- **હોમલર્નિંગ કાર્યક્રમ મોનીટરીંગ સંચાલન અને માર્ગદર્શનની કામગીરી**

  COVID 19 મહામારીને કારણે હાલ શાળાઓ સંપૂર્ણપણે કાર્યરત નથી શાળાઓ વિદ્યાર્થીઓ માટે બંધ છે પણ શિક્ષણ કાર્ય બંધ નથી. વિદ્યાર્થીઓ લોકડાઉનના અનિશ્ચિત સમયગાળામાં ઘરે રહીને શિક્ષણ સાથે જોડાયેલ રહે અને તેના શિક્ષણ પર નકારાત્મક અસર ન પડે એ માટે શિક્ષણ વિભાગના સૂચન અન્વયે GCERT અને SSAM ના સંયુક્ત ઉપક્રમે “હોમલર્નિંગ” કાર્યક્રમ ૧૫ જૂનથી અમલમાં મૂકવામાં આવ્યો. વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડી રાખવાના પ્રયાસોનું વાસ્તવિક સ્થિતિએ શાળાકક્ષાએ અમલીકરણ કેવું થઇ રહેલ છે તેમજ તેની અસરકારતા અને અવરોધોને જાણવા માટે જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ મોનીટરીંગની વ્યવસ્થા DRU શાખા દ્વારા હાથ ધરવામાં આવી. શાળાઓમાં શિક્ષકો હોમલર્નિંગ કાર્યક્રમ કરી રહ્યા છે ત્યારે આ કાર્યક્રમને વધુ સુચારુ તેમજ સફળ બનાવવા માટે SI School Inspectors દ્વારા શાળા મુલાકાત અને મોનીટરીંગ કાર્ય કરવામાં આવ્યું.

પ્રથમ સત્રમાં રાજકોટ જિલ્લાના SI (સ્કૂલ ઇન્સ્પેકટર્સ) દ્વારા તમામ (960) શાળાઓના હોમલર્નિંગ કાર્યક્રમનું મૂલ્યાંકન કાર્ય 6 તબક્કામાં પૂર્ણ કરવામાં આવ્યું. તેમજ 53 શાળાનું પુન: મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

પ્રથમ સત્રમાં મોરબી જિલ્લાના SI (સ્કૂલ ઇન્સ્પેકટર્સ) દ્વારા 548 શાળાઓના હોમલર્નિંગ કાર્યક્રમનું મૂલ્યાંકન કાર્ય 6 તબક્કામાં પૂર્ણ કરવામાં આવ્યું.

દરેક તબક્કામાં DRU શાખા સાથે તમામ SI ની રીવ્યૂ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હોમલર્નિંગ કાર્યની શાળાકક્ષાએ જોવા મળેલ સ્થિતિની સમીક્ષા કરવામાં આવતી હતી તેમજ શાળાના શિક્ષકોને હોમલર્નિંગ દરમિયાન અનુભવાતી મુશ્કેલીઓના નિવારણનું કાર્ય કરવામાં આવેલ છે. પ્રથમસત્રમાં કુલ 11 રીવ્યૂ તેમજ માર્ગદર્શન બેઠક યોજવામાં આવી છે.

મોનીટરીંગ માટે ગુગલ ફોર્મ તૈયાર કરવામાં આવેલ તેમજ સમયાંતરે તેમાં માપદંડોનો ઉમેરો કરવામાં આવેલ.

SI દ્વારા થતા મોનીટરીંગમાં હોમલર્નિંગની જોવા મળેલ સ્થિતિને રીફ્લેક્ટ કરતું ડેશબોર્ડ બંને જિલ્લા માટે વિકસાવવામાં આવ્યું છે. જે દર 15 મિનિટે ઓટો અપડેઇટ થાય છે.

- **School Inspector દ્વારા નિષ્ઠા તાલીમનું પ્રત્યક્ષ મોનીટરીંગ**

રાજ્યની સૂચના અનુસાર રાજકોટ અને મોરબી જિલ્લામાં સ્કૂલ ઇન્સ્પેકટર્સ દ્વારા તેમજ DRU શાખા દ્વારા રૂબરૂ શાળામાં જઇને નિષ્ઠાની તાલીમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં રાજકોટ જિલ્લાના 6 SI દ્વારા 95 શાળાઓ અને મોરબી જિલ્લામાં એક જ દિવસ તાલીમના મોનીટરીંગ માટે SI ગયેલ હતા એટલે 07 શાળા મોરબીની મળીને કુલ 102 શાળામાં રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. બાકીના SI એ નિષ્ઠાની તાલીમ લીધેલ હતી.

- **હોમલર્નિંગ કાર્યક્રમ તેમજ નિષ્ઠા તાલીમ શાળા મુલાકાત**

હોમલર્નિંગ કાર્યક્રમ તેમજ નિષ્ઠા તાલીમ અંતર્ગત શાળાઓની રૂબરૂ મુલાકાત લઇને શિક્ષકોના કાર્યનું મોનીટરીંગ તેમજ સમસ્યાઓનું માર્ગદર્શન આપવામાં આવેલ છે. ઉપરાંત

સ્કૂલ ઇન્સ્પેકટર દ્વારા અતિ નબળી કામગીરી જણાયેલ શાળાઓના આચાર્ય સાથે ટેલિફોનિક તેમજ જરૂર જણાય વર્ચ્યુઅલી શાળા મુલાકાત કરવામાં આવી છે. શિક્ષક જ્યારે ડીઝીટલ ક્લાસરૂમમાં ભણાવતા હોય ત્યારે શિક્ષકની સાથે બેસીને તેઓના શિક્ષણ કાર્યનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

- **D.El.Ed. S.Y. ના તાલીમાર્થીઓ માટે ઓનલાઇન અધ્યાપન**

  COVID-19 મહામારીમાં D.El.Ed. નાં બંને વર્ષનાં તાલીમાર્થીઓનાં અધ્યાપન કાર્યને અસર ન થાય તે માટે શાખાનાં અધ્યાપકશ્રીઓ દ્વારા ઓનલાઇન અધ્યાપન કાર્ય કરાવવામાં આવેલ. તાલીમાર્થીઓને વિવિધ કોર્સ અન્વયે પીપીટી, વિડીયો રેકોર્ડીંગ વગેરે સાહિત્ય ગુગલ મીટ દ્વારા શેર કરવામાં આવેલ તેમજ અધ્યાપન કરાવવામાં આવેલ. આ ઉપરાંત NISHTHA તાલીમમાં પણ આ તાલીમાર્થીઓને જોડાવા બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઉપરાંત ઇન્ટર્નશીપ દરમ્યાન કરવાની થતી કામગીરી બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ. તાલીમાર્થીઓને ટી.એલ.એમ., વ્યક્તિ અભ્યાસ, પ્રોજેક્ટ કાર્ય, હસ્તકલા નમૂના, સંગીતપોથી, ચિત્રકલા, એસાઇન્મેન્ટ, વગેરે સબબ માર્ગદર્શન આપવામાં આવેલ.

- **પ્રતિભાશાળી શિક્ષક પુનઃચકાસણી**

  જિલ્લાનાં પ્રાથમિક શાળાઓનાં સીઆરસી આધારે તાલુકામાંથી પસંદ થયેલ પ્રતિભાશાળી શિક્ષકોની પસંદગી અન્વયે પુનઃચકાસણી કરવા બાબતે અધ્યાપકશ્રીઓ દ્વારા કામગીરી કરવામાં આવેલ. કમાન્ડ એન્ડ કંટ્રોલ દ્વારા પ્રાપ્ત થયેલ ડેટા આધારિત બીઆરસી કક્ષાએ તમામ પસંદિત શિક્ષકોને રૂબરૂ મુલાકાતે બોલાવવામાં આવેલ અને સંબંધિત સાહિત્ય અને વાર્તાલાપ દ્વારા તેઓનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવેલ અને તેનાં આધારે અંતિમ નિર્ણય કરવામાં આવેલ.

- **વાર્ષિક શૈક્ષણિક નિરીક્ષણ**

  જીસીઇઆરટી દ્વારા ડાયટનું વાર્ષિક શૈક્ષણિક નિરીક્ષણ કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ટીમ દ્વારા વિવિધ શાખાઓમાં રૂબરૂ મુલાકાત લઇને અગાઉનાં વર્ષમાં કરેલ કામગીરીની સમીક્ષા


કરવામાં આવેલ અને કરેલ કામગીરી અન્વયે બિરદાવવામાં આવેલ તેમજ જરૂરી સુચન પણ આપવામાં આવેલ.

- **વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ (ઓનલાઈન)**

2020ના વર્ષના પ્રારંભકાળમાં ઉદભવેલી કોવિડ – 19ની પરિસ્થિતિ, તે પરસ્થિતિને કારણે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન અને છેલ્લાં છ માસ ઉપરાંતથી શાળા/ઘરેથી ઓનલાઈન કામ કરતાં શિક્ષકો સતત વેબીનાર, સેમીનાર કે ઓનલાઈન શિક્ષણની માહિતીલક્ષી કામગીરીથી થાક્યાં હોય તે સ્વાભાવિક છે. મોટા ભાગના મનુષ્યો આવા કપરા કાળમાં માનસિક તણાવની સમસ્યા અનુભવતાં જણાયાં. આમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ સમાવિષ્ટ જણાયાં. માહિતીપ્રદ ઓનલાઈન શિક્ષણથી કંટાળેલા અને માનસિક તણાવ અનુભવતાં સહુ શિક્ષકો જો સર્જનની પ્રવૃત્તિમાં જોડાય તો, તેઓ સતત વર્તમાન સાથે જોડી રાખનારી સર્જનની પ્રવૃત્તિનો લાભ લઈ શકે પ્રસન્ન રહી શકે તેવા શુભ આશયથી WE શાખા દ્વારા વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ (ઓનલાઈન) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. આ ઉપરાંત,આ તાલીમનો એક આશય એ પણ હતો કે, જયારે સરકારશ્રી તરફથી સૂચના પ્રાપ્ત થયે જયારે – વિદ્યાર્થીઓએ શાળાએ આવવાનું થાય ત્યારે માત્ર ધોરણ-1 ના જ વિયાર્થીઓ માટે નહીં, પરંતુ આ પરિસ્થિતિમાં તમામ વિદ્યાર્થીઓને ભાવનાત્મક રીતે સબળ બનાવવા માટે તેઓનો પ્રવેશોત્સવ પણ ઊજવવો જરૂરી જણાયો. જેથી તેઓને હોંશભેર આવકારવા માટેની પ્રવૃત્તિઓ તેમજ વર્ગખંડ સુશોભન માટેની પ્રવૃત્તિઓ પણ આ વર્કશોપમાં સામેલ કરવામાં આવી. એટલું જ નહીં વર્કશોપનું નામ વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ રાખવામાં આવ્યું. આ ઉપરાંત શાળાઓ ખૂલે ત્યારે કરવાના થતાં બાળમેળા, લાઈફ સ્કીલ બાળમેળા તેમજ ઈકો ક્લબ પ્રવૃત્તિઓ માટે પણ વર્કશોપ ઉપયોગી બની રહે તેવા શુભ હેતુથી વર્કશોપ અંતર્ગત  માસ્ક પપેટ, ટેબલ ટોપ પપેટ, ફ્રેન્ડશીપ બેલ્ટ, ટોપી, રાજાનો તાજ તેમજ ગુલાબના ફુલ શીખવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો. આ રીતે તા. 22-09-2020 થી તા. 23-09-2020 અને તા. 27-10-2020 થી તા. 28-10-2020 એમ બે દિવસ માટે


વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ ખાતે યોજાઈ ગયો જેમાં બંને તબક્કામાં જસદણ તાલુકાના કુલ-116 શિક્ષકોને 04 તજજ્ઞશ્રીઓ દ્વારા નાવિન્યસભર તથા વાસ્તવમાં ઊપયોગી બની રહે તેવા નમૂનાઓ બેઇઝ પેપર તેમજ કન્ટેન્ટ મટીરીયલ તૈયાર કરીને બનાવતાં શીખવવામાં આવ્યાં. આ વર્કશોપ માટે શિક્ષકોના ફીડબેક પણ લેવામાં આવ્યાં. જે ખૂબ જ સારા મળ્યાં. આ જ રીતે તા. 12-10-2020 થી તા. 16-10-2020 એમ બે તબક્કા માટે વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ ઉપલેટા તાલુકાના કુલ-100 શિક્ષકોને 03 તજજ્ઞશ્રીઓ દ્વારા તેમજ તા. 19-10-2020 થી તા. 23-10-2020 એમ બે તબક્કા માટે વિદ્યાર્થી સ્વાગત વર્કશોપ વિંછીયા તાલુકાના કુલ-108 શિક્ષકોને 03 તજજ્ઞશ્રીઓ દ્વારા નાવિન્યસભર તથા વાસ્તવમાં ઊપયોગી બની રહે તેવા નમૂનાઓ બેઇઝ પેપર તેમજ કન્ટેન્ટ મટીરીયલ તૈયાર કરીને બનાવતાં શીખવવામાં આવ્યાં.

## 11.0 વિવિધ કાર્યક્રમો/પ્રવૃત્તિઓનાં ફોટોગ્રાફ્સ





































| | સ્કૂલ ઇન્સ્પેક્ટરનું નામ | Record ... |
|---|---|---|
| 1. | PRIYESHKUMAR M TITIYA | 129 |
| 2. | SHAILESHBHAI H.FICHADIYA | 119 |
| 3. | BRIJESHBHAI RAJESHBHAI JAJAL | 119 |
| 4. | VIJAYKUMAR K CHUDASAMA | 118 |
| 5. | HIRENKUMAR CHHABILDAS PITRODA | 117 |
| 6. | NIRMALSINH B. VALA | 117 |
| 7. | NISARG BABUBHAI PANCHAL | 116 |
| 8. | RAKESH MATHURDAS ANTALA | 116 |
| 9. | LALJIBHAI PARSOTTAMBHAI RADADIYA | 116 |
| 10. | TUSHARBHAI V. KANANI | 115 |
| 11. | DILIPBHAI GHUGHABHAI BAVALIYA | 115 |
| 12. | ARVIND BHAGVANJIBHAI MOLIYA | 115 |
| 13. | VIJAY RAJENDRABHAI RAVIYA | 115 |
| 14. | HIREN TALSHIBHAI DOBARIYA | 112 |
| 15. | JIGNESH JAMANBHAI KHUNT | 111 |
| 16. | VIPULKUMAR SADURBHAI JADAV | 109 |

1 - 17 / 17












જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ
ડા - હોમલર્નિંગ કાર્યક્રમ મોનીટરીંગ
અહેવાલ
તા. ૨૦/૦૬/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૦
પ્રથમ તબક્કો
જિલ્લો - રાજકોટ


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ
ડા - હોમલર્નિંગ કાર્યક્રમ મોનીટરીંગ
અહેવાલ
તા. ૧૬/૦૭/૨૦૨૦ થી ૩૧/૦૭/૨૦૨૦
તૃતીય તબક્કો
જિલ્લો - રાજકોટ


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજકોટ
ડા - હોમલર્નિંગ કાર્યક્રમ મોનીટરીંગ
અહેવાલ
તા. ૦૧/૦૮/૨૦૨૦ થી ૩૧/૦૮/૨૦૨૦
ચોથો તબક્કો
જિલ્લો - રાજકોટ











